# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫**/— આજીવન **૨૫૧**/—
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/— (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦**/—

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર—૩૬૪૦૦૨ ફોન : (૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧
- પ.પૂ.મહાત્મા યોગેશ્વરજી અને પૂ.મા સર્વેશ્વરી વિષે તેમજ તેમના દ્વારા લખાએલ ધર્મગ્રંથો, પ્રાર્થનાઓ, ભજનો વિષે જાણવા માટે વેબસાઈટ swargarohan.org જુઓ.
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશિષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can download the pdf file of Adhyatma From Website**
**www.swargarohan.org**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર વાણી | યોગેશ્વરજી | ૪ |
| આધ્યાત્મિક પ્રશ્નોત્તરી—ભક્તિ વિશે | યોગેશ્વરજી | ૮ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૧૬ |
| એકાગ્રતા અને ધ્યાન | શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી | ૨૬ |
| કર્મયોગ | યોગેશ્વરજી | ૩૧ |
| ધ્યાનનું શિક્ષણ | ભાણદેવજી | ૩૯ |
| મારે તારો આધાર | યોગેશ્વરજી | ૪૫ |
| ભગવાન પર ભરોસો | ડૉ. આઈ. કે. વીજળીવાળા | ૪૭ |
| જીવનને નવો આકાર આપો | યોગેશ્વરજી | ૫૦ |
| રામ તમે ઘનશ્યામ | મા સર્વેશ્વરી | ૫૫ |
| ભગવાનપણું | સાધુ અક્ષરજીવનદાસ | ૫૬ |

# સદ્‌ભાવભરી સહાય

—મા સર્વેશ્વરી

શ્રીવસંતભાઈ શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુના એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયા. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેનની યુવાભક્તદંપતિ એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યા છે.

આભાર. ધન્યવાદ

ૐ



# શ્રી યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

## જીવનની ઉન્નતિ માટે દૈવી સંપત્તિની જરૂર

કહેવું હોય તો કોઈ પણ પ્રકારની હરકત વિના કહી શકાય કે દૈવી સંપત્તિ સદ્‌ગુણનો ભંડાર છે. જીવનના વિકાસ ને સંસારની શાંતિ માટે જે જરૂરી છે તે દૈવી સંપત્તિમાં છે. જેને બંધનોમાંથી છૂટવું હોય, દુઃખ દર્દ, ક્લેશ ને અશાંતિને પેલે પાર પહોંચીને પરમાત્માના પરમપદની પ્રાપ્તિ કરવી હોય, તેણે દૈવી સંપત્તિની મૂર્તિ બન્યા વિના ચાલવાનું નથી. જે જે સારું ને શ્રેષ્ઠ છે તેને તેણે જીવનમાં ઉતારવાની જરૂર છે. તે વિના જીવનમુક્ત કદી પણ બની શકાય નહીં. પૂર્ણતા ને પરમાત્માની પ્રાપ્તિ પણ ન કરી શકાય. દૈવી સંપત્તિ સાધકોની મહામૂલ્યવાન ને જરૂરી સંપત્તિ છે. તેના વિના કોઈ સાધક સાચા અર્થમાં સાધક બની શકે જ નહીં. સાધારણ જીવનવ્યવહારની વાત કરીએ તો પણ દૈવી સંપત્તિ તેની સફળતામાં બહુ મોટો ભાગ ભજવે છે.

આજકાલ માણસો એમ માનવા માંડ્યા છે કે પૈસા કમાવા ને વ્યવહારિક જીવનમાં સફળતા મેળવવા જૂઠું બોલવું પડે ને છળકપટ પણ કરવાં પડે. તે વિના પૈસો નથી, મોભો નથી, વૈભવ નથી ને સત્તા તેમજ પ્રતિષ્ઠા પણ નથી. એના જેવો ભૂલભરેલો વિચાર બીજો કયો હોઈ શકે ? જો બધા જ માણસો એ વિચારને અપનાવે અથવા એ ગુરુમંત્ર પ્રમાણે ચાલવા માંડે, તો ધરતી નરકના રૂપમાં ફેરવાઈ જાય. માનવજાતિનાં દુઃખનો

ભાર ઘણો વધી જાય ને શાંતિની સમસ્યા એક સ્વપ્ન જેવી બની રહે. પરંતુ દશા એટલી ખરાબ નથી. ભયંકર અંધકાર વચ્ચે પ્રકાશના થોડાંક કિરણ પણ હજી ફૂટ્યા કરે છે. થોડા માણસો એવા પણ છે જે ન્યાય, નીતિ, સત્ય ને ધર્મમાં માને છે. માનવતાનું મહત્વ જાણે છે, ને ઈશ્વરથી ડરીને ચાલે છે. તે માણસો કહે છે કે ધન, મોભો ને પ્રતિષ્ઠા એ જ જીવનનું સર્વસ્વ નથી. એશઆરામ ને વૈભવવિલાસ એ જ કાંઈ માનવશરીર દ્વારા પ્રાપ્ત કરવાની વસ્તુઓ નથી. માનવતાનું મૂલ્ય તે બધી વસ્તુઓથી મોટું છે. માનવતાની માવજત જીવનની એક જરૂરી વસ્તુ છે. જીવનની શોભા તેથી જ વધે છે સુખ, શાંતિ ને ઉત્તમ ગતિ પણ તેથી જ મળે છે. માનવતાના આધાર પર જ જીવનની સફળતા કે નિષ્ફળતાનો આંક કાઢી શકાય છે. માટે ગમે તે સંજોગોમાં માનવતા તો નહીં જ છોડીએ. ધર્મ, નીતિ ને ન્યાયને તિલાંજલી તો નહીં જ આપીએ. સચ્ચાઈ, પ્રમાણિકતા ને દયાને નેવે તો નહીં જ મૂકીએ. તેમ કરતા ભલે ભોંય પર સૂવું પડે, ભૂખે મરવું પડે, ને કેટલુંક કષ્ટ પણ વેઠવું પડે, પરંતુ માનવતાની વિરૂદ્ધ એવું કોઈ પણ કામ કરવાની તૈયારી અમે નહીં જ કરીએ.

ધન, સૌન્દર્ય, પદ, પ્રતિષ્ઠા ને વૈભવવિલાસ તો વિનાશી છે. તે તો આજે છે ને કાલે નથી. તેવી વિનાશી વસ્તુની પાછળ પાગલ થઈને અવિનાશી ઈશ્વર, ધર્મ ને સત્યનો ત્યાગ નહીં જ કરીએ. એવા માણસો વ્યવહારમાં શુદ્ધ રહેવાનો બનતો પ્રયાસ કરી છૂટે છે. તે કદાચ ધનના ઢગલા પર બેસી શકતા નહીં હોય,



ને અમીરીપણાથી અછૂત રહેતા હશે, પરંતુ અંતરની અમીરી તો તે મેળવી જ લે છે. સદ્‌ગુણની સંપત્તિના તે સ્વામી થઈ જાય છે. સમય પર તેમની શાખ પણ વધે છે. લોકોને તેમના પર વિશ્વાસ બેસે છે, ને તે સન્માનના અધિકારી બને છે. તેવા માણસો પૃથ્વીને પાવન કરનારા છે. કહો કે સાચા માનવ અથવા માનવદેવતા છે. તેમના જીવનમાંથી બોધપાઠ લઈને સૌએ અનુકરણ કરવા જેવું છે. જો બધા જ માણસો તેમના જેવા થવાનો પ્રયાસ કરે તો સંસારનું સ્વરૂપ બદલાઈ જાય. ઘણી ઘણી વિકટ સમસ્યાઓ ને યાતનાઓનો અંત આવે. દુઃખ, દર્દ, અત્યાચાર, અનીતિ ને ધોખેબાજીનો અંત આવે. માણસ પોતે ક્લેશ ને બંધનમાંથી છૂટી જાય ને સમાજને પણ તેમાંથી મુક્ત કરવામાં મદદરૂપ થાય. સંસારમાં નંદનવન, સ્વર્ગ કે રામરાજ્યની સ્થાપના પછી કોઈને કરવી પડે ખરી કે? માણસની અંદર રાવણનું રાજ્ય મટીને રામનું ધર્મરાજ્ય સ્થપાયું, એટલે બહાર તો તે આપોઆપ આવે.

આસુરી સંપત્તિ રાવણરાજ્યની નિશાની છે. દૈવી સંપત્તિ રામરાજ્યની અને આસુરી સંપત્તિ ને બદલે દૈવી સંપત્તિની પ્રતિષ્ઠા કરવામાં વ્યક્તિ તેમ જ સમષ્ટિ સૌનું હિત રહેલું છે. માટે જ ગીતામાતા જાહેર કરે છે કે દૈવી સંપત્તિ હિતને માટે છે. તેથી માણસનું મંગલ થાય છે. મુક્તિનો આનંદ મેળવવા માટે તેની પ્રાપ્તિ જરૂરી છે. જેનાથી તેનું દર્શન થાય તે માણસને આદર્શ ને ઉત્તમ કહી શકાય. જે પોતાનું મંગળ ચાહે, પોતાની ઉન્નતિની જેને ઈચ્છા હોય તે દૈવી સંપત્તિને મેળવવા ને

ખીલવવાનો પ્રયાસ કરે છે. માણસ જીવનના બગીચાનો માળી છે. માળી કરતા પણ વધારે રસથી ને નિષ્ઠાથી તેને સુશોભિત કરવા કે ખીલવવા તેણે તૈયાર રહેવાનું છે. તે સંપૂર્ણપણે સુશોભિત થતાં તેની સાથે બીજાની આંખને પણ આનંદ આપશે. તેની સાથે જે જે તે બગીચાની મુલાકાત લેશે, જે જે તેના સમાગમમાં આવશે, તે તેની સ્વર્ગીય શોભા ને સુવાસથી ધન્ય બની જશે. દુઃખ, દર્દ ને અશાંતિને ભૂલી જશે, ને તાપથી મુક્તિ મેળવશે. પોતાની ને બીજાની ભલાઈનું આવું ઉત્તમ કામ કરવાનું મન કોને નહીં થાય ? ભગવાન આપણને તે કામ માટે તૈયાર થવાની પ્રેરણા કરે છે.

ભારતીય પર્વોમાં દેવી–દેવતાઓના પૂજનનો મહિમા બહુ જ મોટો છે. વ્રતો કરવાથી અનેક કષ્ટોનો નાશ થાય છે. વૃક્ષોમાં વડના વૃક્ષને દેવ કહે છે જે અક્ષયનો ઈલકાબ ધરાવે છે. ઋષિ મુનિઓ કહે છે.....વડના મૂળમાં બ્રહ્માજીનો વાસ છે, વડના થડમાં વિષ્ણુનો વાસ છે અને વડની શાખાઓમાં મહાદેવજીનો વાસ છ અને વડમાં મહાસતિ ''સાવિત્રી'' કાયમ રહે છે. વડ એટલે ત્રણ દેવ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ–ત્રણનું બીજું રૂપ વડ અને મહાસતી અને પતિવ્રતાનું ગંભીર રૂપ વડ.




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૯ જુલાઈ–૨૦૧૭ અંક ૧૦**


## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ (૩૧)

### દિન ૪૧

**તા.૨૭–૧૨–૮૨, સોમવાર, માગસર સુદ બારસ ૨૦૩૯**

**વિલ્સન સ્ટ્રીટ, ડન્ડી શહેર**

અહીં પણ પૂ.શ્રી ચાર વાગ્યે સ્નાન કરી લે છે. આજે તો મધરાતે પણ પૂ.શ્રી ધ્યાનમાં બેઠા હતાં. સવારે નિયમિત લેખનકાર્ય કરી લે છે.

પૂ.શ્રીનું જીવન જ પરિવ્રાજક સંતપુરુષ જેવું છે, એટલે અનેક યજમાનો, અનેક સ્વભાવનાનો પૂ.શ્રીને પરિચય થયેલો. સૌ પોતપોતાની શ્રદ્ધાભક્તિ ને શક્તિ પ્રમાણે આદરભાવ દર્શાવે. યજમાન બહેનની ભાવનાને પૂ.શ્રીએ વખાણતા કહ્યું : જુઓ, સંસ્કારોની વાત જુદી જ છે. એમાં કોઈને શીખવાનું પડતું નથી. આ બહેનની ભાવના અદ્ભુત છે. ભાવિક ને સંસ્કારી હોય તેની તો તરત જ ખબર પડી જાય.

આ દેશમાં આજથી અમારે હાથે ભોજન બનાવવાનું શરૂ થશે. આજે પૂ.શ્રીએ ખીચડી બનાવવાનું સૂચન કર્યું છે. પૂ.શ્રીનો પ્રિય ખોરાક ખીચડી છે.

આજે અહીંના આયોજક શ્રી મણીભાઈએ કહ્યું : મહાત્માજી ! હવે પછી તમારે જ્યાં જ્યાં જવાનું છે ત્યાં ત્યાં અહીંથી પણ જઈ શકાય છે. તમને જ્યાં પણ ન ફાવે ત્યાંથી અમને તરત જ ફોનથી ખબર આપજો, જેથી અમે સવાર, બપોર, સાંજ—જ્યારે પણ તમે કહેશો ત્યારે તરત જ લેવા આવીશું. અહીં જ આવી જજો.

વિદેશની ધરતી ઉપર જ જન્મેલા શ્રી મણિભાઈની ભાવના તો જુઓ, કેવી અદ્ભુત છે ! પૂ.શ્રીએ તેમને કહ્યું : જરૂર. અમને નહીં ફાવે તો અમે જણાવીશું.

ખીચડીમાં પૂ.શ્રીએ જ મીઠું—હળદર નાખ્યાં. એ જ રીતે વટાણાના શાકમાં પણ પૂ.શ્રીએ જ મીઠું—હળદર નાખ્યાં અને મંત્રોચ્ચાર કર્યા. એકાદ કલાકમાં તો ભોજન તૈયાર થઈ ગયું. રસોડામાં જ વિશાળ જગ્યા હતી. વળી, બીજા કોઈની અવરજવર ન હતી. તેથી રસોડામાં જ નીચે આસનો મૂકીને ભોજન કરી લીધું. ખીચડી સાથે પૂ.શ્રીએ દૂધ લીધું. મેં દહીં લીધું. વળી, બીટરૂટ ને બાફેલી મકાઈ પણ ખાધા.

ભોજન બાદ યજમાન બહેને પણ અમારી ખીચડી થોડી વધી હતી તે લીધી. તેમણે કહ્યું : દશેક વર્ષ ઉપર વીરપુરમાં ખીચડી ખાધેલી અને તેનો જે સ્વાદ હતો તેવો જ સ્વાદ આજની આ તમારી ખીચડીમાં મળ્યો. સંતો હોય એટલે જુદું જ હોય ને !

સાચી વાત છે. જેને જેને જેવી ભાવના તેવી તેવી તે લાગણી અનુભવે.



ભોજન પછી મુલાકાતના સમયે એક યુવાન બહેન આવે છે. તેમને યોગમુદ્રા તથા એક બીજી કસરત પૂ.શ્રી સૂચના આપીને બતાવે છે. વળી, અહીંની સ્કુલના આફ્રિકન હેડમાસ્તર પૂ.શ્રીને મળવા આવે છે. પૂ.શ્રી તેમની સાથે અંગ્રેજીમાં વાતો કરે છે. રાધાકૃષ્ણનનાં, પોલ બ્રન્ટનનાં પુસ્તકો અને એની બેસન્ટની અંગ્રેજી ગીતા વાંચવાની ભલામણ કરે છે. ખ્રિસ્તી ધર્મમાં કશું નવું નથી એમ તે હેડમાસ્તર કહે છે. પૂ.શ્રીએ એ અંગે પણ વાતો કરી.

આજે સાંજે થોડો આરામ કરીને બહાર ફરવા ગયાં. ડન્ડી શહેરની પોસ્ટ ઑફિસ મોટી છે. ત્યાં બહાર નવ જેટલાં ટેલિફોનનાં લાલ રંગના મોટાં મોટાં બોક્ષ જોવા મળ્યાં, જ્યાંથી પૈસા નાંખીને ફોન થઈ શકે છે.

વળી, પોલીસ સ્ટેશન પણ જોયું. પોલીસની નોકરીમાં ઈન્ડિયન, યુરોપીયન, આફ્રિકન બધાને જ સરકાર લે છે.

છેવટે ધી હિન્દુ સિવિક્સ હૉલ, જે ૧૯૭૨માં બંધાયેલો છે ત્યાં સમયસર પહોંચી ગયાં.

હૉલમાં શ્રી રામકૃષ્ણ સેન્ટરના સ્વામી પ્રેમાનંદજી મળ્યા. મંચ ઉપર ત્રણ બેઠકો હતી, જેના ઉપર અમે બેઠક લીધી.

પૂ.શ્રી આજે ઔપચારિક વિધિ પછી પોતાનું પ્રવચન આપવા ઊભા થયા. ઊભા ઊભા જ પ્રવચન આપવાનું આજે પૂ.શ્રીએ વિચાર્યું. આજનો વિષય હતો 'મનુષ્યત્વમ્, મુમુક્ષત્વમ્ અને મહાપુરુષનો સમાગમ.' અંગ્રેજીમાં એ વિષયને પૂ.શ્રીએ સુંદર રીતે ન્યાય આપ્યો.

હંમેશની જેમ પ્રવચન પછી શ્રોતાઓ પૈકી કેટલાંકે આવીને કહ્યું : આપનું અંગ્રેજી વ્યાકરણ ઘણું સરસ છે. આજના

પ્રવચનથી અમને ઘણું જાણવાનું મળ્યું. ખૂબ સરસ રીતે આપ અંગ્રેજી જાણો છો.

પેલા આફ્રિકન હેડમાસ્તર તો ખૂબ પ્રસન્ન થઈ ગયા અને 'આવતી કાલે ન્યુ કાસલ નામના બીજા શહેરમાં પ્રવચન છે ત્યાં સાંભળવા આવીશ' એમ કહેવા લાગ્યા.

પ્રવચન બાદ શ્રોતાઓ પૈકી કેટલાંકે નજીક આવીને પ્રેમપૂર્વક પ્રણામ કર્યાં.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં.

ફળ–દૂધ લઈને આરામ કર્યો.

### દિન–૪૨

### તા.૨૮–૧૨–૮૨, મંગળવાર, માગશર સુદ તેરસ ૨૦૩૯
### ડન્ડી શહેરથી ન્યુ કાસલ શહેર

સવારે ચાર વાગ્યે સ્નાન, વ્યાયામ, મંત્રજપ અને લેખન. એ નિયમિત ક્રમ પછી સાડા દશ વાગ્યે પૂ.શ્રી રસોડામાં આવે છે. ખીચડી ને શાક બની રહ્યા હતાં, તેમાં પૂ.શ્રી મીઠું ને હળદર નાંખીને ચાલ્યા જાય છે. પૂ.શ્રી કહે છે કે હું શરૂઆત કરાવી દઉં પછી તમારે રસોઈ કરવું. સંતપુરુષનો સંસ્પર્શ પામીને ઘર તો પાવન બનતું જ હશે, એમાં રસોડું પણ શા માટે બાકી રહે ?

ગઈ કાલની જેમ જ રસોડામાં નીચે બેસીને ભોજન લઈ લીધું. ભોજન બાદ મેં મારું અધ્યાત્મનું કાર્ય કર્યું. પૂ.શ્રી ત્રણ–ચાર ભાઈ–બહેનો મળવા આવેલાં છે તેમને મુલાકાત આપે છે.

થોડા આરામ કર્યો.

સાંજે ચાર વાગ્યે પૂ.શ્રી થોડું દૂધ લે છે. ત્યાં તો ન્યુ કાસલ શહેરના યજમાન ભાઈ લેવા માટે આવી જાય છે. અમને તે



ભાઈએ નીચા નમીને પ્રણામ કર્યાં.

તે ભાઈ મિલનસર સ્વભાવના હોય તેવું લાગ્યું. તેમણે બેસતાંની સાથે જ પ્રવચન અંગેની વાતો શરૂ કરી.

ડન્ડીથી વિદાય થયાં ત્યારે ત્યાંનાં યજમાન ભાઈ–બહેને કહ્યું કે, સેવામાં કંઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો અને ત્યાં ના ફાવે તો અમને તરત જ જણાવશો. અમે લેવા આવી જઈશું.

ડન્ડી નાનું શહેર. ગુજરાતીઓ ઓછા. લોકો ભાવિક, ને યજમાન તો વળી અતિપ્રેમાળ ને સેવાભાવી. ગઈ કાલે પાડેલા ફોટાઓ પણ તૈયાર કરીને લઈ આવ્યા. વળી, પૂ.શ્રી માટે ફળના રસની વાત થઈ તો બે ત્રણ જાતના જ્યુસ તરત જ બજારમાંથી મંગાવી દીધા. સેવાની ભાવના અદ્‌ભુત હતી. એવા પ્રેમાળ યજમાનને છેવટે તો છોડવાના જ હતા ને, જેથી વિદાય લીધી.

પોણા કલાકમાં જ ડન્ડીથી ન્યુ કાસલ શહેરમાં આવી ગયાં. માર્ગમાં ન્યુ કાસલના પ્રવચનના આયોજક શ્રી બી.પ્રભુએ પૂ.શ્રી સાથે સંતોની વાતો કરી. પછી, પૂ.શ્રીને કહ્યું, "આપ અમારે ત્યાં આવવાના જ છો, પણ જે કાંઈ સમય મળે તેમાં મારે તમારી પાસેથી હમણાં જ તમારા આધ્યાત્મિક અનુભવો સાંભળવા છે. તે કહો." પૂ.શ્રીએ કહ્યું : કાલે મુલાકાતના સમયે જરૂર આવજો. ત્યારે વાતો કરીશું.

ન્યુ કાસલમાં અમારો ઉતારો એમના નાના ભાઈ શ્રી સી. પ્રભુને ત્યાં હતો. તે અંગે શ્રી બી. પ્રભુએ પોતાના ઘરે માંદગી છે તેથી પોતાને સેવાનો લાભ ન મળ્યો તેનો અફસોસ વ્યક્ત કર્યો.

સોસાયટી જેવા વિસ્તારમાં એક નવા જ મકાનમાં, શ્રી રામકૃષ્ણદેવના જ ભક્ત શ્રી સી. પ્રભુને ત્યાં ઉતારો થયો. બેઠક

ખંડમાં જ શ્રી રામકૃષ્ણદેવ, શ્રી વિવેકાનંદ અને શ્રી શારદામાની તસ્વીરો જોવા મળી. વળી, એક ટેબલ ઉપર પણ શ્રી રામકૃષ્ણદેવ હતા. રસોડામાં શ્રી શારદામા હતાં. ઘરના એક અલગ દેવસ્થાનના ઓરડામાં શ્રી શારદામા ને શ્રી રામકૃષ્ણદેવની મૂર્તિઓ હતી.

થોડી વાતો કર્યા બાદ આરામ કર્યો.

શ્રી રામકૃષ્ણ સેન્ટર અહીં છેલ્લા ૨૫ વરસથી ચાલે છે. સ્વતંત્ર મંદિર સાથે હૉલ પણ છે. મંદિરમાં શ્રી રામકૃષ્ણ, ભગવાન રામ, ભગવાન કૃષ્ણ, ભગવાન શંકર, હનુમાનજી વિગેરેની મૂર્તિઓ હતી. હૉલ વિશાળ છે. ત્યાં અમે પહોંચ્યા ત્યારે ધૂન ચાલતી હતી. નાની નાની યુવતીઓ હારમોનિયમ, મંજીરા, કિરતાલ સાથે કીર્તન કરતી હતી. અહીં દર મંગળવારે હિન્દીમાં હનુમાન ચાલીસાનો પાઠ ને કીર્તન થાય છે. હૉલ ભરાયેલો હતો.

પૂ.શ્રીનું અહીં પ્રવચન હતું. અંગ્રેજીમાં 'સાક્ષાત્કાર અને શ્રી રામકૃષ્ણદેવ' વિષય ઉપર બોલો તો સારું, એવી આયોજકની ઈચ્છાને ધ્યાનમાં રાખીને પૂ.શ્રીએ એ વિષયને સુંદર રીતે ન્યાય આપ્યો. શરૂઆતમાં મારી પાસેથી ભજન ને ધૂન સાંભળવાની ચાહના કરી, જેથી મેં ભજન ને ધૂન ગાયાં.

આપનું પ્રવચન ઘણું અદ્‌ભૂત હતું, એમ યજમાન શ્રી સી. પ્રભુએ બે વાર કહ્યું અને હૉલમાં શુક્રવારે ફરીથી પૂ.શ્રીના એક પ્રવચનનું આયોજન થયું.

પૂ.શ્રી આજે તો ભક્તિયોગ ઉપર બોલવાનું ઈચ્છતા હતા. તેથી પ્રવચન કરવા ઊભા થતી વખતે પણ શું બોલવું તે અંગે આયોજકને ફરી પૂછ્યું. તેમની ઇચ્છા 'આત્મસાક્ષાત્કાર'



વિષયની હતી. જેથી પૂ.શ્રીએ એ વિષય પર પોતાનું પ્રભાવશાળી પ્રવચન આપ્યું.

પૂ.શ્રી કોઈ પણ વિષય ઉપર સરસ બોલી શકે છે. પરમશક્તિની એમના ઉપર પરમકૃપા છે.

પૂ.શ્રી પણ કહે છે કે, મા જ બોલાવે છે. એને જે કહેવું છે તે મારી દ્વારા કહેવડાવે છે. એનું નામ જ કૃપા.

ઉતારા ઉપર આવી ગયાં. અહીં એક જ દિવસ રોકાવાનું હોવાથી, પૂ.શ્રીએ યજમાનના એક પ્રશ્નના ઉત્તરમાં 'આપણે એ ચર્ચા દૂધ પીધા પછી બેસીને કરીશું' એમ કહ્યું.

દૂધ–ફળ લીધા પછી પૂ.શ્રી બેઠકના ઓરડામાં બેઠા છે. ઘરનાં યજમાન બહેન ને તેમની દીકરી પણ તરત જ ત્યાં આવી જાય છે. પૂ.શ્રીએ સોફા ઉપર બેઠક લીધી. બંડી ને નીચે દોઢ વારનો સફેદ ટુકડો પહેર્યો છે. બેઠક ઉપર પૂ.શ્રી સહેજ આરામ મળે એ રીતે બેઠા છે. ચર્ચા શરૂ થાય છે.

શ્રી સી. પ્રભુઃ આપણે મંત્રજાપ કરીએ તો માળા બહારની બાજુએ ફેરવવી જોઈએ. આપણે કોઈકને કંઈક આપીએ તો જ આપણને મળે. એટલે માળા હાથમાં લઈએ પણ હૃદય તરફ ફરવાને બદલે નીચેથી ઊંચે ફેરવવી જોઈએ. હું તો એ જ રીતે ફેરવું છું.

પૂ.શ્રી તેમને સમજાવતાં કહેવા લાગ્યા : આ તો મંત્રજપ છે. પ્રભુ અંદર બેઠો છે, તો આ તરફ જ ફેરવો. વળી, મંત્ર કોઈને આપવાના નથી. આપણે જ તે મંત્રજપ ભેગા કરીને કૃપા માગવાની છે. છેવટે મંત્ર ભગવાનને અર્પણ કરીને કહેવાનું છે–'હે પ્રભુ ! મેં તમારું નામ લીધું. તમારી વધુ ને વધુ કૃપા વરસાવો ને દર્શન આપો, જેથી અમારું જીવન ધન્ય બને.'

શ્રી સી. પ્રભુઃ કૃપા માગવી એ પણ એક ઈચ્છા જ છે ને ?

પૂ.શ્રી : જુઓ, ઈચ્છા બે જાતની છે.–દુન્યવી ઈચ્છા ને પ્રભુની ઈચ્છા. તમે ધનની, પ્રતિષ્ઠાની, ઘરની, સંપત્તિની ઈચ્છા કરો તો તે બંધનકારક છે; જ્યારે પ્રભુની ઈચ્છા–દર્શનની, ભક્તિની, કૃપાની ઈચ્છા કરો તો તે સારી ઈચ્છા છે. તે બંધનમાંથી મુક્ત કરનારી ઈચ્છા છે.

વળી, ઈચ્છા તો કરવી જ પડે ને ? વિવેકાનંદ ઈચ્છા વિના અમેરિકા ગયા ? ના. હિન્દુધર્મના પ્રચારની સારી ઈચ્છા લઈને ગયા. રામકૃષ્ણદેવ પોતે પ્રાર્થના ઈચ્છા વિના કરતા ? ના. તેઓ કહેતા કે, મા ! મને તમારાં દર્શન આપો. એટલે સારી ઈચ્છા તો કરવી જ જોઈએ.

શ્રી સી. પ્રભુઃ કલિયુગમાં કર્મયોગ કરવો ખૂબ કઠણ છે. ભક્તિ જ બરાબર છે ને ?

પૂ.શ્રી : કલિયુગમાં કર્મયોગ આચરનાર એક મહાપુરુષે દક્ષિણ આફ્રિકાની ધરતી ઉપર કર્મયોગ શરૂ કર્યો હતો–મહાત્મા ગાંધીએ. મનથી રામનામ અને શરીરથી આઝાદી અપાવવાનું સેવાનું કામ. તેમણે કર્મયોગ કરતાં કરતાં નીડરતા, કામક્રોધ પર સંયમ, બુદ્ધિથી સારા–નરસાં કામનો વિવેક દાખવીને જ્ઞાનયુક્ત કર્મો કર્યાં. તેમણે નિયમિત પ્રાર્થના પણ કરી. તેમણે પોતાના જીવનમાં કર્મ, ભક્તિ ને જ્ઞાનનો સમન્વય કરી બતાવ્યો. મનમાં જ્ઞાન તથા વિવેક, હૃદયમાં પ્રભુનો પ્રેમ અને શરીરથી સેવાનાં કામ. આપણે પણ એવી રીતે કર્મ, જ્ઞાન, ભક્તિનો સમન્વય કરી શકીએ.

ચર્ચા ખૂબ જ રસપ્રદ હતી. પણ સમય દશ વાગવા તરફ જઈ રહ્યો હતો, અંતે ચર્ચા બંધ રહી. આરામ.



# આધ્યાત્મિક પ્રશ્નોત્તરી–ભક્તિ વિશે

–યોગેશ્વરજી

**પ્રશ્ન : તમે કહી શકો છો કે બંને પ્રકારની ભક્તિમાં સાક્ષાત્કારનું સ્વરૂપ જુદું હોય છે તો તેનો ભાવાર્થ સમજાવશો ?**

**ઉત્તર :** તેનો ભાવાર્થ આટલી ચર્ચા વિચારણા પછી તમે હજુય નથી સમજી શક્યા ? નિર્ગુણ કે નિરાકાર માર્ગની ભક્તિનું આલંબન લેનાર ભક્તને પરમાત્માનો સાક્ષાત્કાર પોતાની અંદર થાય છે. હૃદય પ્રદેશમાં વિરાજેલા પરમાત્માની અનુભૂતિ કરીને એ ધન્ય બને છે. એ જ્ઞાની કે યોગી ભક્તોનો માર્ગ પણ કહેવાય છે; નરસિંહ મહેતાની જેમ પછીથી એવો ભક્ત 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ જૂજવે રૂપે અનંત ભાસે.'–નો અનુભવ કરવા માંડે છે. સમસ્ત બ્રહ્માંડને તે પરમાત્મા આવિર્ભાવ કે પ્રતીકરૂપે માને છે. 'પવન તું, પાણી તું ભૂમિ તું ભૂધરા'નો અનુભવ એને માટે સહજ બની જાય છે. સંસારને એ પરમાત્માથી પૃથક્ નથી માનતો, પરંતુ પરમાત્માના સાકાર સ્વરૂપ તરીકે જ જુએ છે અથવા તો અનુભવે છે. પ્રહ્લાદ, મીરાં તથા ગોપીઓની દશા આવી જ હતી. ભાગવતના ગોપીગીતમાં ગોપીઓએ પોતાની એ ધન્ય દશાનું પ્રતિબિંબ પાડતાં એટલા માટે જ કહ્યું છે કે કૃષ્ણ ! અમે તમને નંદયશોદાના પુત્ર નથી સમજતી. પણ સમસ્ત વિશ્વના અંતરાત્મા માનીએ છીએ. 'ન ખલુ ગોપીકા નંદનો ભવાનખિલ વિશ્વનામંતરાત્મક.'

**પ્રશ્ન : સગુણ કે સાકાર ભક્ત પરમાત્માને એ રીતે સમસ્ત**

**વિશ્વમાં વ્યાપકરૂપે નથી અનુભવતો ?**

**ઉત્તર :** અનુભવે છે. આગળ જતાં તો એ પણ એવો અનુભવ કરે છે, અને સંત તુલસીદાસની જેમ પોતાના ઉપાસ્યને ચરાચર જગતમાં બધે જ જુએ છે. તુલસીદાસે કહ્યું છે ને કે, સમસ્ત જગતને સીતા ને રામમય જાણીને બે હાથ જોડીને પ્રણામ કરું છું. એ વચનમાં એમની વ્યાપક વિશ્વરૂપ દૃષ્ટિની ઝાંખી થાય છે. ભક્તની દૃષ્ટિ એવી જ વિશાળ તથા વ્યાપક હોય છે. પરંતુ સગુણ ભક્તિ શરૂઆતમાં તો ઈશ્વરના કોઈ એક સાકાર સ્વરૂપમાં પોતાના મનને એકાગ્ર કરે છે. ઈશ્વરનું સાકાર દર્શન કરવાની ઈચ્છા રાખે છે. ઝંખના કરે છે, ને એ માટે પ્રાર્થના, જપ કે આરાધના કરે છે. એનો સ્વભાવ જ એવો હોય છે કે ઈશ્વરના સાકાર સ્વરૂપનું દર્શન ના કરે ત્યાં સુધી એને શાંતિ નથી મળતી કે ચેન નથી પડતું. એ રીતના સાક્ષાત્કારની ભાવનાથી જ એ ભક્તિ કરે છે. એટલે છેવટે એને ઈશ્વરના સાકાર દર્શનનો આનંદ મળી રહે છે. એવી રીતે સગુણ તથા નિર્ગુણ ભક્તના પ્રારંભના સાક્ષાત્કાર સ્વરૂપમાં તત્ત્વનો ફેર પડે છે. એ ફેર મૂળભૂત છેવટનો નથી. પરંતુ શરૂઆતનો છે એ ખાસ યાદ રાખવાનું છે.

**પ્રશ્ન : ભક્તિના અનુષ્ઠાનથી જ્ઞાન અને યોગ બંનેનો આસ્વાદ આપોઆપ મળી રહે છે તે કેવી રીતે, તે સમજાવશો ?**

**ઉત્તર :** એ હકીકત જો થોડીક શાંતિપૂર્વક વિચારવામાં આવે તો સહેલાઈથી સમજી શકાય તેવી છે. ભક્તિની સાધના કરતાં કરતાં ક્રમે ક્રમે હૃદયની નિર્મળતા સધાતી જાય છે અને એવા



નિર્મળ હૃદયમાં પરમાત્માને માટેનો પ્રેમ પેદા થાય છે. એ પ્રેમ જેમજેમ પ્રબળ બનતો જાય છે તેમતેમ, ભક્ત પરમાત્માની વધારે ને વધારે પાસે પહોંચતો જાય છે, તથા એક એવી અલૌકિક અવસ્થા પર આસીન થાય છે કે જ્યારે જડ અને ચેતનમાં બધે જ એને પરમાત્માની ઝાંખી થાય છે. સંસારમાં જે કાંઈ છે તે બધું જ એને પરમાત્માના પ્રતીક જેવું લાગવા માંડે છે. સંસારના જુદા જુદા પદાર્થોની બાહ્ય વિભિન્નતાની અંદર રહેલી આત્માની અખંડ અભિન્નતાનું એ દર્શન કરે છે, અને એવી રીતે જ્ઞાનના સર્વાત્મભાવના પ્રદેશમાં પહોંચી જાય છે. નરસિંહ મહેતા જેવા ભક્ત શિરોમણી સંતપુરુષે જ્ઞાનના એ પવિત્ર પ્રદેશમાં પહોંચીને સ્વાભાવિક રૂપે જ ગાયું છે કે, 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે.' એનાથી વિશેષ જ્ઞાન બીજું કયું જોઈએ ? એ આત્મજ્ઞાન અથવા તો તત્ત્વજ્ઞાનનો અર્ક છે, સાર છે, નિષ્કર્ષ છે. એ જ્ઞાનની પ્રાપ્તિને માટે ભક્તને જ્ઞાનના કોઈ ગ્રંથો નથી વાંચવા પડતાં. એ જ્ઞાન તો એના અંતરમાંથી આપોઆપ જ આવિર્ભાવ પામે છે. એની અનુભૂતિ એને સ્વતઃ જ થતી હોય છે.

**પ્રશ્ન : ભક્તિ દ્વારા જ્ઞાનનો આસ્વાદ આપોઆપ મળે છે એ વાત તો સમજાઈ ગઈ, પરંતુ યોગનો આસ્વાદ કેવી રીતે મળે છે ?**

**ઉત્તર :** એ વાત યોગના મર્મને જો તમે જાણતા હશો તો સારી પેઠે સમજી શકશો. યોગ શાને માટે કરવામાં આવે છે, યોગ શું છે, અથવા તો યોગનું રહસ્ય શું છે, એનો વિચાર કરો તો એ પ્રશ્ન જ નહીં રહે. યોગમાં મુખ્યત્વે મનની શુદ્ધિ, મનની

સ્થિરતા તથા મનની શાંતિ દ્વારા સ્વરૂપના સાક્ષાત્કાર માટે પ્રયાસ કરવામાં આવે છે. એને માટે જ યમનિયમ, આસન તથા પ્રાણાયામ, અને ધ્યાન જેવાં સાધનોનો આધાર લેવામાં આવે છે. ભક્તિની સાધનાનો આશ્રય લેવાથી મનની શુદ્ધિ તો સધાય છે જ, પરંતુ લાંબે વખતે મનની સ્થિરતા પણ સહજ થાય છે, અને છેવટે ભક્તના અંતરમાં ઈશ્વરપ્રેમનો ઉદય થતાં, ભક્ત ઈશ્વરના સ્મરણ મનનમાં એવો તો ડૂબી જાય છે કે ઈશ્વરના ધ્યાનની તન્મયાવસ્થા એને માટે અત્યંત સ્વાભાવિક બની જાય છે. એ ભાવસમાધિનો સ્વાદ ચાખે છે, એનું મન શાંત થાય છે, અને આખરે એ ઈશ્વરનો સાક્ષાત્કાર કરી લે છે. એવી રીતે ભક્તિમાર્ગના સાધકને યોગની સાધનાનો મર્મ આપોઆપ મળી રહે છે. ભક્ત પોતે પસંદ કરેલી ભક્તિની સાધનાને વળગી રહે એટલું એને માટે પૂરતું છે. જ્ઞાન તથા યોગ બંનેનું ફળ એ સાધનાના અનુષ્ઠાનથી એ ચાખી શકશે અને પોતાનું જીવન સાર્થક્ય કરી લેશે.

**પ્રશ્ન : ભક્તિ દ્વારા લૌકિક લાભ મળે ખરો ?**

**ઉત્તર :** લૌકિક ને પારલૌકિક બંને પ્રકારના લાભ ભક્તિથી થઈ શકે છે. લૌકિક ઈચ્છાઓ શમી જાય ને ભક્તનું હૃદય નિર્મળ બની જાય, એવું પ્રભુ ઘણે ભાગે કરી દે છે. છતાં કોઈને લૌકિક સુખસંપત્તિની ઈચ્છા હોય તો તે ઈચ્છા પણ ભક્તિ દ્વારા પૂરી થઈ શકે છે. ભક્તિમાં કોઈ રીતે નુકશાન તો નથી જ નથી, નોકરીમાં પગાર મળે, તહેવાર પ્રસંગે બોણી મળે, ને છેવટે પેન્શન કે પ્રોવિડન્ટ ફંડ મળે, તેમ ભક્તિ દ્વારા લૌકિક લાભ મળવાની સાથે સાથે મુક્તિ જેવો પારલૌકિક લાભ પણ મળી



શકે છે. જુઓ, ધ્રુવ ને પ્રહ્લાદને પ્રભુ મળ્યા ને રાજ પણ મળ્યું. પણ તેમને રાજની તમા ન હતી. રાવણે ભક્તિ દ્વારા અપાર બળ ને સંપત્તિ મેળવી. ભક્તિ દ્વારા જગતની કોઈ વિનાશી વસ્તુ મેળવવા કરતા પ્રભુને મેળવવા તે જ સૌથી ઉત્તમ છે. છતાં તમારે લૌકિક લાભની ઈચ્છા હોય તો તે પણ મેળવી શકાય છે એમાં સંદેહ નથી. તમારી એવી ભક્તિ સકામ અથવા તો ગીતાની ભાષામાં અર્થાર્થી ભક્તની ભક્તિ કહેવાશે. નિષ્કામ ભક્તિ સૌથી શ્રેષ્ઠ છે ને તે જ કરવા યોગ્ય છે.

**પ્રશ્ન : તમે કહ્યું કે સખ્ય ભક્તિમાં ભક્ત ભગવાનને પોતાના સખા કે મિત્ર માને છે. તો શું ભગવાનને એવી રીતે પોતાના સખા કે મિત્ર માનવા બરાબર છે ?**

**ઉત્તર :** હા, બરાબર છે. એમાં કશું ખોટું નથી. ભક્તિની એ સાધના પ્રક્રિયામાં મનુષ્ય સ્વભાવનું પ્રતિબિંબ પડે છે. સંસારના મનુષ્યના જે પ્યારા કે મીઠા સંબંધો છે, તેવી જાતના સંબંધોની ભાવના એ ઈશ્વર સાથે પણ કરે છે અને એ સંબંધોને મજબૂત કરીને એમના દ્વારા ઈશ્વરના રસપ્રદાયક, સુખદાયક, સતત સાન્નિધ્યની ઈચ્છા રાખે છે. ભક્ત એ ઈચ્છા રાખીને ભક્તિ કરે એનો અર્થ શું છે ? લાંબા વખતના અભ્યાસને લીધે એના માટે એવી ભાવના છેક સ્વાભાવિક બની જાય છે. એ ભાવના સંકુચિત નથી હોતી, પરંતુ વિશાળ હોય છે, તે ઉપરાંત, પ્રેમના પવિત્ર સ્વરૂપને ઉત્તરોત્તર વધારે ને વધારે પ્રમાણમાં પ્રકટાવનારી હોય છે. એટલા માટે બાધક નહીં પરંતુ સાધક અથવા શ્રેયકર થાય છે. આધ્યાત્મિક વિકાસ માટેના સાધનામાર્ગની કોઈ ભાવનાનો તમારે તિરસ્કાર નથી કરવાનો.

કોઈ ભાવના નિતાંત ખરાબ છે અને એથી વર્જ્ય છે, એમ પણ નથી માનવાનું. ફક્ત તે ભાવનાઓ મનુષ્યના હૃદયની એક સહજ ભાવના તરીકે સ્વીકારી લઈને તેને ઉન્નત કરવાનો તથા સાનુકૂળ બનાવવાનો પ્રયાસ કરવાનો છે. એમ કરવાથી જીવન ઉર્ધ્વગામી બની શકે છે. એવો ભક્તિ માર્ગના આચાર્યોનો અભિપ્રાય છે અને એમાં શંકા રાખવાનું કોઈ કારણ નથી.

**પ્રશ્ન : દાસ્ય અને સખ્ય ભક્તિનો આધાર સૌએ લેવો જ જોઈએ કે તે વિના પણ ભક્તિ થઈ શકે ?**

**ઉત્તર :** સૌએ એટલે કે ભક્તિમાર્ગ બધા પ્રવાસીઓએ એનો આધાર લેવો જ જોઈએ એવું નથી સમજવાનું. એ સંબંધમાં કોઈ એકસરખો સર્વસામાન્ય નિયમ નથી પ્રવર્તતો. એ તો પોતપોતાની ઈચ્છા, પસંદગી, કે રૂચિનો પ્રશ્ન છે. જેને એ પ્રકારની ભક્તિનો આધાર લેવો હોય તે લઈ શકે છે. એમાં કોઈ જાતની બળજબરી કે કોઈ પ્રકારના દબાણને સ્થાન નથી. જેને એનો આધાર લેવાની આવશ્યકતા ન જણાય, તે એનો આધાર લીધા વિના પણ આગળ વધી શકે છે. તમે શેનો આધાર લો છો તે એટલું બધું મહત્ત્વનું નથી, જેટલું તમે એ આધાર દ્વારા આગળ વધો છો કે નહીં તે છે. આગળ વધવાનું મહત્ત્વ સાધનામાં સૌથી વિશેષ છે. એટલે કોઈપણ ઉદાત્ત કે સાત્વિક ભાવના જો તે તમારો વિકાસ કરવામાં અગત્યનો ફાળો આપતી હોય, તો તમે તેનો આધાર લઈ શકો છો. યાદ રાખો કે ભક્તિમાર્ગની આ ભાવનાઓ મરજિયાત હોવા છતાં, હૃદયને ઈશ્વરી પ્રેમથી વધારે સભર બનાવવા માટે છે, અને આખરે ઈશ્વરના સાક્ષાત્કારથી જીવનને કૃતાર્થ કરવા કાજે છે. આ



અગત્યની વાત જો ભૂલાઈ જશે તો ભારે નુકશાન થશે. ભક્ત કેવળ ભાવમાં જ અટવાતો ને રમતો થઈ જશે, તો એ ભાવની સંસિદ્ધિ નહીં કરી શકે. ભાવની કિંમત ઘણી છે. પરંતુ ઈશ્વરના સાક્ષાત્કારની કિંમત એથી પણ વિશેષ છે, એ યાદ રાખવાનું છે.

**પ્રશ્ન : સખ્ય ભક્તિનો આધાર લેનાર પોતાને ઈશ્વરનો બરાબરીયો માની લે એવો ભય ખરો ? ઈશ્વરને પોતાના મિત્ર માનનારા ઈશ્વરના વિશેષ મહિમાને સમજી શકે ખરો ?**

**ઉત્તર :** જરૂર સમજી શકે. ઈશ્વરની સખાભાવે ભક્તિ કરનાર કંઈ પોતાને ઈશ્વર નથી માની લેતો. એવું માને તો તો ભક્તિ કરી શકાય જ નહીં. ઈશ્વર પોતાના કરતાં સવિશેષ કે શ્રેષ્ઠ છે એમ સમજીને જ ભક્ત ભક્તિ કરે છે એટલે તમે કહો છો તેવો ભય રાખવાની જરૂર નથી. તમે જાણો છો કે બે મિત્રો વચ્ચે પણ સંસારમાં બધી રીતે સમાનતા નથી હોતી છતાં તેમની મિત્રતા ટકે છે ને વધે છે. ભક્તના સંબંધમાં પણ એવું જ સમજી લેવાનું છે. સખ્ય ભક્તિ કરવાથી એ પોતાને ઈશ્વરતુલ્ય નથી માની લેતો, કદાપિ નહીં.

**પ્રશ્ન : જ્ઞાનીઓ ભક્તિને માનતા નથી—બલ્કે ભક્તિ તરફ કેટલીકવાર અણગમો પણ બતાવે છે. એ વિશે આપનો શો અભિપ્રાય છે ?**

**ઉત્તર :** જે નિરાકાર તત્ત્વને માને છે તેને સાકાર ભક્તિની જરૂર નથી. આત્મજ્ઞાનને દ્રઢ કરીને સતત ધ્યાન દ્વારા તે પરમાત્માને મેળવે છે. આ માર્ગનું વિસ્તૃત વર્ણન ગીતાના છઠ્ઠા અધ્યાયમાં કરેલું છે. પરંતુ આવા પરમાત્મા દર્શન માટે પણ તેનામાં પરમાત્મા દર્શન માટેનો તલસાટ, પરમ પુરુષાર્થ તેમ જ

નિર્ધાર તો જોઈશે જ. પરમાત્મ તત્ત્વનું જ તેણે રાતદિવસ મનન, ચિંતન ને નિદિધ્યાસન કરવું પડશે. નારદે પરમાત્મામાં સ્વરૂપના આવા અનુસંધાનને—સ્મરણ, મનન કે નિદિધ્યાસન ભક્તિ કહી છે. ફેર માત્ર સ્વરૂપનો છે. એક સાકારનો ભક્ત છે તો બીજો નિરાકારનો. પણ બંને એક જ પરમાત્માના ભિન્નભિન્ન ઉપાસકો છે. એટલે સાચો જ્ઞાની પણ ભક્ત હોય જ છે એ વાત સમજવાની જરૂર છે. પછી તે ભક્તિને ના માને તે તો કેમ જ બને ?

બીજી રીતે વિચાર કરો કે જ્ઞાની કોને કહેવાય ? જ્ઞાનીમાં અનેક લક્ષણ છે. પણ એક મોટું લક્ષણ તેના સમદર્શીપણાનું છે. જ્ઞાની સમદર્શી હોય છે. બધે જ પોતાના આત્મા કે પરમાત્માને જુએ છે. એટલે તે કોઈનોય તિરસ્કાર કરી શકતો નથી. એક મૂર્ખ કે દુષ્ટ માણસની પ્રત્યે પણ તે તિરસ્કારથી જોતો નથી પરંતુ અનુકંપાથી જુએ છે, તો ભક્તિ જેવા પ્રભુ પ્રાપ્તિના મહાન સાધન તરફ તો તે અણગમો કે તિરસ્કાર કેવી રીતે રાખે ? તે તો જાણે છે કે પોતપોતાની રૂચિ પ્રમાણે માણસ ભિન્નભિન્ન રીતે પ્રભુ પ્રાપ્તિ કરવા મથે છે. બધા જ માર્ગ ઈશ્વર પાસે લઈ જાય છે. તો મારે શા માટે એવો દુરાગ્રહ કરવો કે બધા પોતાનો માર્ગ છોડી મારો જ માર્ગ ગ્રહણ કરે ? એવો દુરાગ્રહ તો જ્ઞાન નહીં પણ અજ્ઞાન ગણાય છે, જેને ગીતાએ તામસી જ્ઞાન કહ્યું છે. ખરો જ્ઞાની તો બધા પર પ્રેમ રાખે છે, તે ગમા—અણગમા કે રાગ અથવા તિરસ્કાર જેવા સાધારણ માણસને જકડી બેઠેલા બંધનથી મુક્ત હોય છે.

જ્ઞાની વિશે કાંઈ પ્રમાણિત નિર્ણય કરવો હોય તો પહેલાં



થયેલા મહાન જ્ઞાની પુરુષોના જીવનનો વિચાર કરવો વધારે સારો છે. શંકરાચાર્ય મહાન ભક્ત હતા. ને તેમણે શંકર, શક્તિ ને કૃષ્ણની અનેક જ્ઞાનમિશ્રિત કથા કહી છે, ને સાકાર ભક્તિનું પ્રતિપાદન કર્યું છે. વ્યાસ ને નારદને ભક્તિ દ્વારા જ શાંતિ મળી છે. તો પછી તેમની આગળ આજના કહેવાતા પૂર્વગ્રહ યુક્ત જ્ઞાનીઓનો શો હિસાબ ? ખરી રીતે તો એમ છે કે જ્ઞાન વિના ભક્તિ નથી (કેમ કે સંસારની અસારતા ને ઈશ્વરની સત્યતાના જ્ઞાનથી જ ભક્તિ જાગે છે) ને ભક્તિ વિના જ્ઞાન નથી, (કેમ કે પરમાત્માની સતત ભક્તિથી જ પરમ જ્ઞાન મળે છે.)

**પ્રશ્ન : જ્ઞાની કે ભક્તપુરુષના મહત્ત્વના બે—ત્રણ લક્ષણ ક્યાં ?**

**ઉત્તર :** મારી દ્રષ્ટિએ જ્ઞાની કે ભક્તમાં સૌથી પ્રથમ મહત્ત્વનું લક્ષણ ચિત્તની સ્થિરતા છે. અનેક પ્રક્રિયા કર્યા પછી આ સ્થિરતા સાધી શકાય છે. કામ, ક્રોધ, અભિમાન જ્યારે દૂર થઈ જાય ને પ્રેમ, દયા તથા નમ્રતાનો આવિર્ભાવ થાય ત્યારે આવી સ્થિરતા આવે છે. આવા સ્થિર ચિત્તવાળો પુરુષ સુખદુઃખ, નિંદા, સ્તુતિ કે સારામાઠા પ્રસંગોમાં શાંત રહી શકે છે. તેની ચંચળતા દૂર થઈ ગઈ હોય છે. ગીતામાં જેને દૈવી સંપત્તિ કહી છે તેની પ્રાપ્તિ વિના આ સ્થિરતા સાધી શકાતી નથી. મનની સ્થિરતા વિના ધ્યાન, નિદિધ્યાસન, ઉપાસના કે અખંડ જપ કશું જ થઈ શકતું નથી પવન વિનાના સ્થળમાં દીવો હાલતો નથી તેવી અવસ્થા સ્થિરતા પ્રાપ્ત પુરુષના મનની હોય છે.

આ પછી બીજું મહત્ત્વનું લક્ષણ સમતાનું છે. ભક્ત કે જ્ઞાની

બધે જ પરમાત્માનું દર્શન કરે છે. કેવળ મનુષ્યમાં જ નહીં, જડમાં ને પશુપક્ષીમાં પણ તે ઈશ્વરને જુએ છે. જુદાં જુદાં નામ ને રૂપની અંદર અંતરાત્મારૂપે જે ઈશ્વર રહ્યો છે, તેનું તે દર્શન કરે છે આથી તેમનામાં ભેદભાવ કે રાગદ્વેષ જાગી શકતા નથી. ભેદ હોય તો જ કોઈ પ્રત્યે રાગ ને કોઈ પ્રત્યે દ્વેષ થાય. જ્યાં એક ઈશ્વર જ વિવિધ વેશમાં વિલસી રહ્યો છે ત્યાં કોના પ્રત્યે રાગ ને કોના પર દ્વેષ ? તેને મોહ પામવાનું પણ ક્યાં રહ્યું ? સ્ત્રીના હાડચામમાં તે આસક્ત થતો નથી. પણ તેનામાં રહેલ શક્તિરૂપી પ્રભુને નિહાળી તે અભેદ સાધે છે. બ્રાહ્મણ, ગાય, હાથી ને કૂતરો કે ચાંડાલ સૌમાં આ જ્ઞાની કે ભક્ત ઈશ્વરી પ્રકાશને જુએ છે.

ત્રીજું લક્ષણ મુક્તિનું છે. ઈશ્વરનું દર્શન કર્યું હોવાથી ભક્ત સદા માટે ગુણ કે કર્મના વિકાર ને બંધનમાંથી મુક્ત થઈ જાય છે. સર્વ કાંઈ પ્રભુનું જ છે, સર્વ કાંઈ પ્રભુ જ છે, એ ભાવમાં સ્થિતિ થવાથી તેની અહંતા ને મમતા ઓગળી જાય છે. જ્ઞાની પણ આત્મ સાક્ષાત્કાર કરીને સર્વત્ર આત્માનું દર્શન કરે છે. તે પણ અહંતા મમતાથી ને પ્રકૃતિના ગુણધર્મોથી મુક્ત થાય છે. આ મુક્તિથી જ પરમાનંદ, સનાતન શાંતિ કે ધન્યતા મળે છે. આને જ પરમ પદ કહેલું છે.

સ્મશાનગૃહના દરવાજે લખ્યું હતું : ''મારે પહોંચવાનું અહીં જ હતું પણ આખી જીંદગી વીતી ગઇ અહીં આવતા આવતા.''



# એકાગ્રતા અને ધ્યાન

–શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી

## ધ્યાન અને પ્રાર્થના

મનુષ્ય એકાએક ધ્યાનમાં ધસી પડતો નથી. કારણ કે એનું ભટકતું મન તાત્કાલિક એકાગ્ર થતું નથી. આથી જ ધ્યાન પહેલાં પ્રાર્થના કરવી જરૂરી છે. સંસારમાં રહીને પણ ઈશ્વરની પ્રાપ્તિ કરી શકાય. એ માટેનો ઉપાય બતાવતાં શ્રીરામકૃષ્ણે કહ્યું હતું કે, એનો ઉપાય સત્સંગ અને પ્રાર્થના. આતુર થઈને ઈશ્વરને પ્રાર્થના કરવી જોઈએ કે 'તમે કેવા છો, દર્શન આપો, તમારે દર્શન આપવાં જ પડશે. તમે શા માટે મને ઉત્પન્ન કર્યો ?' આમ, તીવ્ર ભાવે પ્રાર્થના કરતાં કરતાં અંતઃકરણ શુદ્ધ થાય છે. શુદ્ધ થયેલા અંતઃકરણમાં ઈશ્વરનું સ્વરૂપ પ્રગટ થાય છે. પ્રાર્થનાથી મનનો બધો મેલ ધોવાઈ જાય છે અને મન શુદ્ધ થાય છે. શ્રી રામકૃષ્ણ મનને ધૂળ ચડેલી લોઢાની સોય સાથે સરખાવે છે. પ્રાર્થના કરવાથી સોય ઉપર ચઢેલી ધૂળ નીકળી જાય એટલે ઈશ્વરરૂપી લોહચુંબક મનને ખેંચી લે છે. આમ, ધ્યાન માટે ચિત્તશુદ્ધિ આવશ્યક છે અને ચિત્તશુદ્ધિ માટે પ્રાર્થના. આથી જ ધ્યાન પહેલાં પ્રાર્થના કરવી ખૂબ જ જરૂરી છે.

ખ્રિસ્તી ધર્મના મહાન સંત બ્રધર લોરેન્સે પ્રાર્થના કરતાં કરતાં સહજ ધ્યાનની ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી હતી. તેઓ પહેલાં તો લશ્કરમાં સૈનિક હતા. લડાઈમાં તેમનો એક પગ કપાઈ ગયો હતો. પછી તેઓ ઈસુના સંઘમાં જોડાયા. આ સંઘમાં છવ્વીસ વરસ સુધી એમણે રસોડામાં જ કામ કર્યું. કામ કરતાં કરતાં ભગવાનને સતત પ્રાર્થના પોતાના શબ્દોમાં કરતા રહ્યા : 'હે

ભગવાન, તમારા સિવાય આ દુનિયામાં મારું બીજું કોઈ નથી. મને કંઈ જ ખબર પડતી નથી. તમે મને શીખવાડો. તમે મને માર્ગ બતાવો.' જ્યારે કંઈ ન સમજાય, કોઈ મુશ્કેલી આવે તો બસ ભગવાનને પૂછતા અને કહેતા અને એમના આશ્ચર્ય વચ્ચે એ મુશ્કેલીનો રસ્તો મળી જતો. જાણે ભગવાન પોતે જ એમને સીધું માર્ગદર્શન આપતા હતા. આ રીતે તેમણે ભગવાન સાથે એકાત્મતા પ્રાપ્ત કરી લીધી, જેને આપણે ધ્યાનની સહજ સ્થિતિ કહી શકીએ. વરસો પછી પોતાના અનુભવની વાત કરતાં બ્રધર લોરેન્સે કહ્યું : 'શરૂઆતમાં જ્યારે સંઘમાં જોડાયો ત્યારે ભગવાનનું સ્મરણ મારા માટે જેટલું મુશ્કેલ હતું તેટલું જ મુશ્કેલ મારા માટે હવે પ્રભુનું વિસ્મરણ બની ગયું છે.' પ્રાર્થનાની મહત્તા વર્ણવતા બીજા એક પુસ્તકમાં રશિયન યાત્રિકના અનુભવ વર્ણવાયા છે. મૂળ રશિયન પુસ્તકનું નામ છે 'ધ વે ઓફ એ પિલગ્રીમ' અને તેનો ગુજરાતી અનુવાદ 'એકલપંથી' નામે થયેલો છે. અવિરત પ્રાર્થના દ્વારા કેવી ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત થાય છે એનું વર્ણન કરતું આ પુસ્તક છે. પુસ્તકના લેખકનું નામ કોઈ જાણતું નથી. ઓગણીસમી સદીનો એક ગરીબ રશિયન યાત્રાએ નીકળી પડે છે. ખભે નાનકડી બેગ લઈને ભગવાનની શોધમાં નીકળી પડે છે. એની પાસે બેગ સિવાય બીજો કંઈ સામાન નથી. એક હાથે ખોડ છે. ચાલતો ચાલતો એક જગ્યાએ આરામ કરવા બેસે છે. ત્યાં બેગમાંથી બાઈબલનું પુસ્તક કાઢી વાંચે છે. તેમાં એક વાક્ય આવ્યું— 'અવિરત પ્રાર્થના કરતા રહેજો.' આ વાક્ય ઉપર એણે બહુ જ વિચાર કર્યો પણ કંઈ સમજાયું નહીં. ખાતાં, પીતાં, સૂતાં એમ દરેક વખતે અટક્યા વગર પ્રાર્થના કેવી રીતે ચાલુ રાખી શકાય



એ કેમ બને ? દિવસમાં ચાર પાંચ વખત બેસીને પ્રાર્થના થઈ શકે પણ બધો જ વખત શું એ શક્ય છે ? એના મનમાં આવા અનેક પ્રશ્નો ઊઠ્યા. ચર્ચમાં જઈને તેણે પાદરીને પૂછ્યું, પાદરીએ તેને સમજાવ્યું પણ તેને સંતોષ ન થયો. અનેક ચર્ચોમાં તેણે પાદરીઓને પૂછ્યું, પણ ક્યાંયથી તેને સંતોષકારક જવાબ મળ્યો નહીં. આખરે એક વૃદ્ધ પાદરી કે જેઓ પોતે સાધક હતા તેમણે એને કહ્યું : 'આ વસ્તુ એક દિવસમાં નહીં થાય. તું અહીં રહી જા. અહીંના બગીચામાં માળી તરીકે કામ કર અને આ પ્રાર્થનાનું સતત રટણ કરતો રહે.' એમ કહીને તે વૃદ્ધ પાદરીએ તેને પ્રાર્થના શીખવાડી. તે પ્રાર્થના હતી—'Lord Jesus, Have Mercy on me'—'પ્રભુ ઈસુ, મારા પર કૃપા કરો.'

આ પ્રાર્થના સતત કેવી રીતે કરવી તેની પદ્ધતિ બતાવી પાદરીએ કહ્યું, 'મનમાં ને મનમાં આનું સતત રટણ કરવું. મોટેથી બોલવું નહીં. હોઠ પણ ફફડવા ન જોઈએ. મનની અંદર રટણ ચાલતું રહેવું જોઈએ અને તે સમયે હૃદયમાં પ્રભુ ઈસુનું ધ્યાન પણ રહેવું જોઈએ. કામ કરતાં કરતાં પણ આ વિધિ ચાલુ જ રાખવાની.' પાદરીએ રસ્તો તો બતાવ્યો પણ તેણે જેવી શરૂઆત કરી કે તેને થયું કે 'આ તો બહુ જ મુશ્કેલ કામ છે.' આમાં મન લાગતું ન હતું તોપણ તેણે આ મંત્રનું રટણ ચાલુ જ રાખ્યું. આખો દિવસ તે જપ કરી શકતો હતો. પણ માંડ બે હજાર જેટલા જ જપ કરી શકતો હતો. પણ ધીમે ધીમે મન સ્થિર થતાં પછી તેને જપમાં આનંદ આવવા લાગ્યો. પછી તેણે ખાવાનું ઓછું કરી નાખ્યું. સૂવાનું પણ ઓછું કરી નાખ્યું અને જપનું પ્રમાણ વધારતો જ ગયો. પછી તો એની એવી સ્થિતિ થઈ ગઈ કે આપમેળે જપ થવા લાગ્યા. બહારથી તે ગમે તે કામ

કરતો હોય પણ આંતરમનમાં જપ સતત ચાલુ જ રહેતા. જાણે અંદર મશીન ફીટ થઈ ગયું ! પછી તેને એવી અનુભૂતિ થવા લાગી કે અંતરમાં જાણે કોઈ બીજું જપ કરી રહ્યું છે. દરેક શ્વાસે એની અંદર આ મંત્ર રટાવા લાગ્યો. પછી તો હૃદયના દરેક ધબકારે જપ થવા લાગ્યા અને પછી જપ બંધ કરવા એ એના માટે અશક્ય બની ગયું. ત્યારે તેણે એ વૃદ્ધ પાદરીને કહ્યું, 'હવે મને બાઈબલનું એ વાક્ય બરાબર સમજાઈ ગયું છે કે કોઈ પણ કામ કરતાં કરતાં પણ પ્રાર્થના અટકવી ન જોઈએ.' આ પ્રાર્થનાના સતત રટણથી તેના ઉપર ઈસુ ખ્રિસ્તની એવી કૃપા થઈ કે તે પરમાત્માનો અનુભવ કરી શક્યો.

ધ્યાન પહેલાં પ્રાર્થના અને નામ–જપ ચિત્તશુદ્ધિ માટે કરવાં જરૂરી છે. બેલુરમઠના દ્વિતીય પરમાધ્યક્ષ સ્વામી શિવાનંદજી કહે છે કે મનને શુદ્ધ કરવા માટેનો સરળ ઉપાય એ ઈશ્વરનું નામ છે અને ઈશ્વરનું ધ્યાન છે. પરંતુ ઘણા લોકોનો એવો અનુભવ છે કે ઈશ્વરનું નામ એ પ્રારંભમાં યંત્રવત્ બની જાય છે. ભગવાનના નામનું યંત્રવત્ રટણ કરવામાં આવે તો શું ફાયદો થાય ? આના ઉત્તરમાં શ્રીમા શારદાદેવી કહે છે કે 'ભલે તમે યંત્રવત્ નામ જપો પણ તેથીયે ફળ તો મળે જ છે. મંત્રનો પ્રભાવ તો પડતો જ હોય છે.' તેઓ કહે છે કે 'ગંગામાં તમે જાણી જોઈને સ્નાન કરો કે કોઈ તમને ધક્કો મારે અને તમારે સ્નાન કરવું પડે. બંને પરિસ્થિતિમાં ગંગાસ્નાન કર્યાનું પુણ્યફળ તો મળે જ છે.' એકસાથે મંત્રજાપ કરવાથી વધારે લાભ થાય છે, મન એકદમ શાંત બની જાય છે અને એવું શાંત મન સમાધિનો અનુભવ કરી શકે છે.

સ્વામી વિવેકાનંદ કહે છે કે જ્યારે તમે ધ્યાન કરવા જાઓ



ત્યારે સુંદર દૃશ્યવાળું સ્થળ કે જ્યાં તમને કોઈ ખલેલ ન પહોંચાડે તેવું પસંદ કરવું. જ્યારે ધ્યાનનો અભ્યાસ કરવા બેસો ત્યારે પ્રથમ પ્રાચીન યોગીઓને, તમારા ગુરુઓને અને પરમાત્માને પ્રણામ કરો, અને પછી પ્રારંભ કરો. એ પ્રારંભમાં પછી સમગ્ર વિશ્વના કલ્યાણ માટેની પ્રાર્થના કરો. આ પ્રાર્થના તમે મનમાં બોલો.

**'બધાં માનવી સુખી થાઓ.**
**બધાં માનવીને શાંતિ મળો.**
**બધાં માનવીઓનું કલ્યાણ થાઓ.'**

આ પ્રમાણે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એમ ચારેય દિશાઓમાં આ ભાવનાપ્રવાહ મોકલો, જેમ, જેમ આ ભાવના તમે વધારે કરશો તેમ તેમ તમને પોતાને વધારે ફાયદો થશે. આખરે તમને જણાશે કે આપણને પોતાને તંદુરસ્ત બનાવવાનો સહેલામાં સહેલો રસ્તો બીજાઓ નીરોગી રહે એવી ભાવના સેવવાનો છે. અને પોતાની જાતને સુખી કરવાનો સહેલામાં સહેલો રસ્તો બીજાઓ સુખી થાય એ જોવાનો છે. આ પછી જેઓ ઈશ્વરમાં માનતા હોય તેમણે પ્રાર્થના કરવી. આ પ્રાર્થના એ પૈસા માટે, આરોગ્ય માટે કે સ્વર્ગ માટે નહીં, પરંતુ જ્ઞાન અને પ્રકાશ મેળવવા માટે પ્રાર્થનાઓ કરવી. આ સિવાયની બીજી બધી પ્રાર્થનાઓ સ્વાર્થવાળી છે. આ રીતે નિઃસ્વાર્થભાવે પ્રાર્થના કરવાથી મન વિશાળ બને છે, શુદ્ધ બને છે અને એવું શુદ્ધ મન નિસ્તરંગ બની ઊંડા ધ્યાનમાં લીન થઈ શકે છે.

**('એકાગ્રતા અને ધ્યાન'માંથી સાભાર')**

# કર્મયોગ

—યોગેશ્વરજી

માણસના જીવનમાં કર્મ તાણા ને વાણીની પેઠે સંકળાયેલું જ છે. કોઈ પ્રાણી એક ક્ષણ પણ કર્મ કર્યા વિના રહી શકતું નથી. કોઈ પૂછશે કે શું આ વાત સાચી છે? આપણે કહીશું જરૂર સાચી છે. તમે પોતે વિચાર કરો એટલે આ વાત સમજાઈ જશે. ધારો કે કોઈ માણસ હાથપગ હલાવવાના બંધ કરીને બેસી રહે તો પણ તે કર્મ તો કરવાનો જ. માણસ એકલા શરીરથી કર્મ કરે છે એવું થોડું છે? મનથી પણ કર્મ કરવામાં આવે છે. માણસો સત્સંગમાં બેસે છે, પણ મન દ્વારા દૂર દેશાવરમાં ને પોતાના ઘરમાં પહોંચી જાય છે. મનોમન કેટલીક વાતો પણ કરી લે છે. સ્વપ્નમાં શરીર સૂઈ જાય છે પણ મન જાગે છે, ને જુદાં જુદાં દૃશ્યો જુએ છે તે બધા જાણે છે. આ તો મનની વાત થઈ પણ ઈન્દ્રિયોથી પણ કર્મ થાય છે. જુઓને, આપણે બધા વિશાળ ખંડમાં બેઠા છીએ. મારું મુખ બોલે છે, ને તમારા કાન સાંભળવાનું કામ કરે છે. હાથ કોઈને ગ્રહણ કરે છે. એક ઠેકાણે બેઠા છતાં આંખ કેટલું બધું કામ કરે છે! કોઈને તે ઓળખી કાઢે છે, ને કોઈને નથી ઓળખતી. આ બધી ઈન્દ્રિયોને રોકીને ને મનનો સંયમ કરીને કોઈ બેસી જાય કે ઊંઘવા માંડે તો પણ કર્મ તો ચાલુ જ રહેવાનું.

માણસ કશું જ નહીં કરે તો પણ જીવનને ધારણ કરવા તેણે શ્વાસોચ્છ્શ્વાસની ક્રિયા તો કરવી જ પડશે. એ પણ એક કર્મ જ છે. યોગી શ્વાસને પણ રોકી લેશે, ને સમાધિસ્થ થઈ જશે છતાં તે



દશામાં પણ તે કર્મથી મુક્ત તો નથી જ કેમ કે તે સમાધિમાં સ્થિત છે ને સમાધિમાં સ્થિત થવું તે પણ એક ઉત્તમ જાતનું કર્મ જ છે. સૃષ્ટિ સારી ગતિશીલ છે. તે સતત રીતે સૂર્યની આસપાસ ફરવાનું કામ કર્યા જ કરે છે. સૃષ્ટિના પદાર્થો પણ પોતાની માતાની પેઠે ક્રિયા કર્યા કરે છે. માતાનો સ્વભાવ તેમને વારસામાં મળ્યો છે. જુઓને, આ પવન કેવો પ્રસન્નતાપૂર્વક વહ્યા કરે છે! પાણી પણ પ્રમાદી બનીને બનીને બેસી રહેતું નથી. સૂર્ય, ચંદ્ર ને નક્ષત્રો ઊગે છે ને અસ્ત થાય છે. તે નિયમિત રીતે કર્મ કર્યા જ કરે છે. પાણીની વરાળ, વરાળનાં વાદળ, વાદળનો વરસાદ ને એમ ચક્ર ચાલતું જ રહે છે. જુદી જુદી જાતની ૠતુઓ આવે છે ને જાય છે. દિવસ ને રાતનો ક્રમ આજે યુગો થયા છતાં એકધારો ચાલુ જ છે. કર્મ આમ સંસારનો પ્રાણ છે. સૃષ્ટિનું સત્વ છે. આવી કર્મ, કર્મ ને કર્મના મંત્રનો જપ કરી રહેલી સૃષ્ટિમાં માણસ એકલો કર્મ વિના કેવી રીતે રહી શકે? ખાવું, પીવું, ઊંઘવું, વિચારવું, શ્વાસ લેવો, પોતાનું ને બીજાનું હિત કરવું, એવાં એવાં અનેક જાતનાં કામ તે કર્યા જ કરે છે. એટલે જ ભગવાનની ઉપદેશવાણી જેવી ગીતા કહે છે કે કર્મ કર્યા વિના સંસારમાં કોઈ રહી શકતું નથી. એ કથન સાચું છે.

કર્મ વિના માણસ રહી શકતો નથી પણ તેનો અર્થ એ નથી કે બુદ્ધિને ગીરે મુકીને તેણે આંખ મીંચીને મનમાં ફાવે તેવાં કર્મ કરવાં. ના, ગીતા કર્મનાં વખાણ કરે છે : જીવનના મંગલને માટે કર્મને જરૂરી પણ માને છે. પણ તેણે કર્મયોગ નામે સુંદર શબ્દનો પ્રયોગ કર્યો છે તે પ્રમાણે માણસે બધાં કર્મોને યોગમય

કરી દેવાં જોઈએ. કર્મને યોગમય કરી દેવાથી તેનું સ્વરૂપ બદલાઈ જાય છે, ને તે મુક્તિ, શાંતિ કે ઈશ્વરને મેળવવાનાં કામમાં મદદરૂપ થઈ શકે છે. એટલે માણસે એકલાં કર્મ કરવાનાં નથી પણ કર્મયોગની સાધના કરવાની છે, કર્મનો યોગ કરવાનો છે. કોની સાથે ? વિવેક એટલે જ્ઞાન કે ભગવાનની સાથે, આમાં કર્મયોગની ખૂબી રહેલી છે, માણસ જ્યારે સંપૂર્ણપણે જાગ્રત રહીને વિવેકી બનીને કર્મ કરે છે, ને તે કર્મનો સંબંધ ભગવાનની સાથે જોડી દે છે. ત્યારે તેનાં કર્મ સાધનામય કે યોગમય થઈ જાય છે, ને તેના મૂલ્યમાં ખૂબ વધારો થાય છે. તેવાં કર્મ જીવનને તારી શકે છે, ને માણસોનો ઉદ્ધાર કરે છે. તેથી તાપ, શોક ને બંધનનો અંત આવે છે.

આટલી ચર્ચા પછી ગીતામાતા એક બીજી વિચારણા રજૂ કરે છે. તે વિચારણા યજ્ઞની છે. માણસ સંસારમાં રહીને કર્મ તો કરવાનો જ : કર્મ કરવામાં કાંઈ ખોટું પણ નથી; પણ જે કર્મ કરાય તે યજ્ઞની ભાવનાથી કરવું. તો તેવાં કર્મ તેને માટે મંગલકારક થઈ જશે. યજ્ઞ કરવાની બ્રહ્માએ આજ્ઞા કરી છે. તેને યાદ કરીને ગીતામાતા કહે છે કે છુટક યજ્ઞો ના થાય તો કાંઈ જ હરકત નથી. તમારા નાના કે મોટા દરેક કામમાં યજ્ઞની ભાવના જોડી દો એટલે ઘેર બેઠાં વ્યવહાર કરતાં ને વિના ખર્ચે તમે યજ્ઞ કરી શકશો.

યજ્ઞની ભાવનાનું રહસ્ય સૌએ સારી પેઠે સમજી લેવાનું છે. માણસે સમજી લેવું જોઈએ કે સંસારમાં જે છે તે બધું ઈશ્વરનું છે, તેના પર તેનો એકલાનો નહીં, પણ જીવમાત્રનો અધિકાર છે. એટલે પોતાની પાસે જે કંઈ હોય તે દ્વારા વધારેમાં વધારે જીવોનું



હિત કરવાની તેની ભાવના હોવી જોઈએ, ને તેનો અમલ કરવા તેણે સદાય તૈયાર રહેવું જોઈએ. કેવલ પોતાના સુખમાં મસ્ત બનીને બેસી રહેવાને બદલે બીજાને સુખી કરવા પણ તત્પર થવું જોઈએ. તો જ સંસારનું ક્લેવર બદલી શકાય. યાદ રાખો કે કોઈને આપવાથી વસ્તુ ઘટતી નથી; પણ વધે છે ને બીજા જીવને મદદ કરવાનો આનંદ મળે છે તે નફામાં. આપવામાં સદા સુખ તો છે જ, પણ જે આપે છે તેની મૂડી ઘટતી નથી પણ વધે છે, ને ઈશ્વર તરફથી બીજું અનેક ઘણું મળે છે, એટલે માણસે હૃદયને વિશાળ ને ઉદાર કરવાની જરૂર છે.

માણસો કર્મો કરે છે પણ યજ્ઞની ભાવનાથી કરતા નથી. એટલે કર્મો કસ વિનાનાં ને બોજારૂપ બની જાય છે. કર્મ થાય છે, પણ તેનો આનંદ મળતો નથી વળી જીવનના વિકાસમાં તે ખાસ ભાગ ભજવતાં નથી. આના ઉપાય તરીકે ગીતામાતા કર્મને સાધનાના પ્રવાહ જેવા કરી દેવાની શિક્ષા આપે છે. તે શિક્ષા પ્રમાણે ચાલો તો કર્મથી બંધનમાં વધારો ના થાય, પણ બંધન હોય તો તે પણ ટળી જાય, ને મુક્તિનો આનંદ મળે. વળી કર્મ દ્વારા ઈશ્વરની ઉપાસના કરી શકાય.

કર્મ ભાવના સાથે થવું જોઈએ. પગે ચાલીને માણસો વ્રજભૂમિની ને બદરીકેદાર જેવાં તીર્થોની યાત્રા કરે છે. અમે ઋષિકેશમાં હતાં; ત્યારે એક માણસની મુલાકાત થઈ. તે દક્ષિણ ભારતમાંથી પગરસ્તે પ્રવાસ કરીને આવતો હતો. કેટલાય મહિને તે ઋષિકેશ આવ્યો હતો. હવે તેને બદરીનાથ જવું હતું ને તે પછી પગે ચાલીને પાછું પોતાના ગામમાં પહોંચવું હતું. શું આવા માણસોને થાક નહીં લાગતો હોય ? છતાં તેમના મુખ પર

ઉત્સાહ ક્યાંથી આવે છે? તેમની ભાવનામાંથી. તીર્થોના દર્શનની દિલમાં રહેલી ભાવના તેમને સદાયે પ્રેરણા આપે છે. તે ભાવના જ તેમને કષ્ટો, મુસીબતો ને મુંઝવણોની વચ્ચેથી પાર કરીને અજાણ્યા પંથના પ્રવાસી બનાવે છે. તેમને માટે પ્રવાસ એક યજ્ઞ બની જાય છે. કૈલાસની યાત્રા કેટલી કઠિન કહેવાય છે! છતાં કઠિનતાનો સામનો કરીને માણસો તે યાત્રા પૂરી કરે છે. પ્રભુની લીલાનું દર્શન કરવાની ભાવના તેમને કઠિનતામાં પણ આનંદ આપે છે. તે ભાવનાથી થયેલું કર્મ તેમને માટે કલ્યાણકારક થાય છે, ને સાધનામય બની જાય છે. ભાવનામાં એવી શક્તિ છે. ભાવનાને લીધે નાનામાં નાનું કામ પણ મોટું થાય છે, ને રસવાળું બની જાય છે.

ઘરમાં જેને માથે રસોઈ કરવાની ફરજ આવે છે તેનું કામ ભારે છે. કેટલીક સ્ત્રીઓને રસોઈ કરવાનો કંટાળો આવે છે. તૈયાર રસોઈ મળે તે તેમને સૌથી સારું લાગે છે પણ બધાંના નસીબમાં તૈયાર રસોઈ ક્યાંથી હોય? કો'કને રસોઈ કરવી જ પડવાની. તે પ્રમાણે રસોઈ કરનાર રસોઈ કરે છે પણ બડબડાટ કરવાનું છોડતાં નથી. એટલે રસોઈનું કામ તેમને માટે સેવાનું કામ બનવાને બદલે વેઠનું કામ થઈ જાય છે. પરિણામે તેમને આનંદ નથી મળતો. તેનું કારણ ભાવનાની ખામી છે. તે ભાવનાનો સંબંધ કામ સાથે જોડી દેતાં શીખવું જોઈએ. જેને માથે રસોઈની જવાબદારી છે તે સારી પેઠે જાણી લે કે પોતે એક આવશ્યક ને મહાન સેવા બજાવવાની છે.

રસોઈ એક યજ્ઞ છે. ઘી ને તલ દ્વારા થતા યજ્ઞો તો કોઈકવાર જ થાય છે પણ રસોઈનો ચુલાયજ્ઞ તો નિરંતર ચાલુ



રહે છે. જેમ પહેલાંના ઋષિઓને ત્યાં યજ્ઞનો અગ્નિ કદી ઓલવાતો નહીં. તેમ ચુલાનો યજ્ઞ ચોવીસે કલાક ચાલુ હોય એવાં ઘર પણ ઘણાં છે. યજ્ઞથી સ્વર્ગાદિ મળે છે એમ કહેવાય છે. પણ ચુલાયજ્ઞમાં તૈયાર થતી સામગ્રીથી તો સ્વર્ગસુખ સત્વર મળે છે એ સૌનો અભિપ્રાય છે. એ યજ્ઞ પર તો માનવનું સમસ્ત જીવન ટકી રહ્યું છે. માનવના ઉદરમાં જે યજ્ઞ ચાલે છે તેની તૃપ્તિ માટે એ યજ્ઞ જરૂરી છે. એટલે રસોઈ કરનાર કેટલી ભારે સેવા કરે છે એનો ખ્યાલ કરો. તે યજ્ઞ કરે જ નહીં તો બીજા બધાં જ યજ્ઞો બંધ થઈ જાય. રસોઈ બનાવનાર આ ભાવનાને ભૂલે નહીં તો તેને આનંદ આવશે. તેને સમજાશે કે ઘરનાં જુદાં જુદાં સભ્યો ઈશ્વરના પ્રતિનિધિ છે. તેમની સેવા કરવાનું પોતાને આ રીતે સદ્‌ભાગ્ય મળ્યું છે તે સદ્‌ભાગ્યનો વિચાર કરવાથી તેનો બડબડાટ દૂર થશે ને તેને અનેરો આનંદ મળશે. રસોઈ જેવું કામ એક શુષ્ક ક્રિયા કે વેઠ બનવાને બદલે તેને માટે જીવનના વિકાસની સાધના બની જશે, યોગમય બની જશે.

આ રીતે જીવનમાં બધાં જ કર્મોનું સમજી લેવાનું છે. રોજના વ્યવહારમાં સાધારણ જેવાં કર્મો પણ ભાવના સાથે કરવાથી યોગમય બની જાય છે. મળત્યાગ કરવો એ એક સાધારણ કર્મ છે પણ તેને તમે અસાધારણ બનાવી શકો છો. મળને જોઈને તમે વિચાર કરો કે શરીર આવા મળનું ઘર છે. બહારથી તે સારું લાગે છે એટલું જ અંદરથી તો ખૂબ જ અશુદ્ધ છે. રોજ રોજ ગંદુ થયા જ કરે છે. આવા શરીરમાં પ્રીતિ કરવાનું શું કામ? બે જ વાતને લીધે શરીર મૂલ્યવાન છે. એક તો તેનાથી પરમાત્માનું દર્શન કરીને પૂર્ણતા મેળવી શકાય છે તે, ને બીજું તેનાથી

કોઈકનું હિત સાધી શકાય છે. આ શરીર દ્વારા તે બે વાતો જ સાધવી જોઈએ ને પછી પ્રાર્થના કરો કે હે પ્રભુ, શરીરના રંગરાગ ને આકર્ષણમાં અમારું મન ફસાય નહીં, અમારાં કે કોઈનાય શરીરમાં અમને મમતા થાય નહીં ને આ શરીર દ્વારા તમારી પ્રાપ્તિ કરવાની સાથે સાથે કોઈને મદદરૂપ બની શકાય એવા આશીર્વાદ આપી દો.

ખાતા પહેલાં ને ખાતી વખતે ભાવના કરો કે ખોરાક પ્રભુની પ્રસાદી છે. તે શરીરમાં જતાં ઉત્તમ લોહી બનશે, શક્તિ મળશે, શરીર સમૃદ્ધ બનશે. શરીરમાં ઉલ્લાસ ને યૌવન તથા તાજગી ફરી વળશે. શરીર વ્યાધિરહિત બનશે. મન પણ મજબૂત બનશે, ઉત્તમ વિચારો ને ભાવનાથી ભરાઈ જશે. તે દ્વારા જીવનના વિકાસમાં ને બીજાની સહાયતામાં મદદ મળશે. શરીરની અંદર વિરાજેલા પરમાત્માને અર્પણ કરતા હો તેમ ભાવના રાખીને ખોરાક લો, તો તેનું સ્વરૂપ બદલાઈ જશે. તેમાં તમને ખૂબ રસ લાગશે. ખાવાની સાધારણ ક્રિયા આમ તમારે માટે યજ્ઞક્રિયા કે યોગ બની જશે. જુઓને, જરા વિચાર તો કરો. બોર વીણવાનું કામ કેટલું સાધારણ ગણાય! છતાં તેવા સાધારણ કામમાં ઉત્તમ ભાવના ભળવાથી શબરીને માટે તે કામ મહાન સાધનાના અંગ જેવું બની ગયું.

ઈશ્વરની સેવા ને પ્રસન્નતાની ભાવનાથી તે કરવા માંડો ને તમારી જાતની શુદ્ધિ સાધતાં સાધતાં તે રસપૂર્વક કરો તો તેનું મૂલ્ય વધી જશે. તે કર્મયોગ બની જશે. પ્રભુએ આપણને જે બુદ્ધિ ને ભાવના આપી છે, તેનો ઉપયોગ ના કરવાથી જીવનનું નાટક ક્લેશકારક ને કરુણ બની જાય છે. કર્મમાં યજ્ઞની ભાવના



ભેળવી દેવાથી એક બીજું સુંદર પરિણામ એ આવે છે કે માણસ સ્વાર્થી કે એકલપેટો બનતો નથી. પોતાની પાસે જે કંઈ છે તેનો ઉપયોગ પોતાને જ માટે કરવાને બદલે, બીજાને પણ તેથી શક્ય લાભ પહોંચાડવા માણસ સદાય તૈયાર રહે છે. આથી સમાજમાં શોષણ, અનાચાર ને કૃત્રિમ ભેદભાવનો અંત આવે છે. સંપત્તિ ને શક્તિ એક જ ઠેકાણે એકઠી થતી નથી, પણ ફરતી રહે છે, ને સૌને કામ આવે છે. આથી ઘર્ષણ ને વર્ગવિગ્રહ થતા નથી. માણસ માત્ર પોતાના જ સુખનો વિચાર કરીને બેસી રહેતો નથી પણ બીજાના સુખમાં પણ આનંદ માને છે, બીજાના સુખ માટે માર્ગ તૈયાર કરવામાં ગૌરવ અનુભવે છે. પોતાનાં જ ઉત્થાન ને કલ્યાણના મંત્રનો જપ કરવાને બદલે સૌના ઉત્થાન ને મંગલનો તે સાધક બને છે. સંસારમાં જો બધા જ મનુષ્યો યજ્ઞની ભાવનાથી કર્મ કરે તો સંસાર સાચે જ સ્વર્ગમય બની જાય.

**વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩**

**હાશ®**

**મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી**

**★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★**

ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, **રાજકોટ–૩૬૦૦૦૨**

# ધ્યાનનું શિક્ષણ

—ભાણદેવ

એક આશ્રમ હતો. આશ્રમમાં એક સમર્થ ગુરુમહારાજ હતા. ગુરુમહારાજની સાથે તેમના અનેક શિષ્યો પણ રહેતા હતા. જેઓ અધ્યાત્મના સાચા જિજ્ઞાસુઓ હોય તેમને આશ્રમમાં સાધના કરવાની અનુકૂળતા મળી રહેતી અને તેમને ગુરુમહારાજ યથોચિત માર્ગદર્શન પણ આપતા.

એક વાર આશ્રમમાં એક નવો શિષ્ય દાખલ થયો. શિષ્યના મનમાં સત્યપ્રાપ્તિની અભીપ્સા હતી. તેનાથી પ્રેરાઈને જ તે આશ્રમમાં દાખલ થયો હતો. એક વાર આ નવાગંતુક શિષ્યે ગુરુમહારાજને પ્રાર્થના કરી : 'ગુરુદેવ ! મને ધ્યાન કરવાની પદ્ધતિ શીખવો.' તે વખતે તો ગુરુમહારાજ મૌન રહ્યા. થોડા દિવસો તે પછી તે શિષ્યે ગુરુમહારાજને ફરીવાર પ્રાર્થના કરી. ગુરુદેવ ! મને ધ્યાન કરવાની પદ્ધતિ શીખવો. આ રીતે તે શિષ્ય ગુરુ મહારાજને વારંવાર પ્રાર્થના કરતો રહ્યો. 'ગુરુદેવ ! મને ધ્યાન કરવાની પદ્ધતિ શીખવો.' એક વાર ગુરુમહારાજે એક એકાંત સ્થાનમાં શિષ્યને પોતાની પાસે બેસાડ્યો. પોતાની પાસે બેસાડીને ગુરુ મહારાજે શિષ્યને એક નાની કથા કહી. કથા આ પ્રમાણે છે :

એક મહાન ચોર હતો. તે ચોર ચોરી કરવાની વિદ્યામાં ઘણો પારંગત હતો. તે ચોર વૃદ્ધ થયો. તેને એક પુત્ર હતો. પુત્ર યુવાન થયો. તે યુવાન પાસે આજીવિકાનું અન્ય કોઈ સાધન હતું નહીં. તેણે પણ ચોરીનો ધંધો કરવાનું નક્કી કર્યું. પરંતુ ચોરીનો ધંધો તે માટેની આવશ્યક આવડત વિના ન કરી શકાય.



આવડત વિના ચોરી કરવા જઈએ તો જેલમાં જવું પડે. યુવાન પુત્ર જાણતો હતો કે પોતાના પિતા ચોરી કરવાની વિદ્યામાં ઘણા પારંગત છે. પોતાના વૃદ્ધ પિતા પાસેથી ચોરી કરવાની વિદ્યા શીખી લેવાનું નક્કી કર્યું. પુત્રે પિતાને વિનંતી કરી, 'પિતાજી ! આપ મને ચોરી કરવાની વિદ્યા શીખવો. મારી પાસે બીજા કોઈ ધંધાની આવડત નથી. તમારી પાસે આ ધંધાની આવડત છે. આપ કૃપા કરીને મને આ ધંધાની આવડત આપો તો મને આજીવિકાનું એક સાધન મળી રહે.' પિતાએ ચોરી કરવાની વિદ્યા પુત્રને શીખવવા માટે સંમતિ દર્શાવી.

એક અંધારી રાત્રે તે વૃદ્ધ અને પારંગત ચોર પોતાના યુવાન પુત્રને સાથે લઈને ચોરી કરવા નીકળ્યો. વૃદ્ધ પિતા પોતાના યુવાન પુત્રને ચોરી કરવાની વિદ્યા વિશે મુખેથી કશું જ કહેતા નથી. શબ્દો દ્વારા તે પોતાના પુત્રને કશું જ શીખવતા નથી. ચોરી કરવાની વિદ્યાની કોઈ બારીક વાતો, કોઈ પદ્ધતિ, રીતરસમ કે વિકટ સમયે શું કરવું તેવી કોઈ બાબત વિશે તેઓ શબ્દના માધ્યમથી પોતાના યુવાન પુત્ર અને હવે શિષ્યને કોઈ શિખામણ આપતા નથી. તે વૃદ્ધ ચોર તો બસ અંધારામાં ચાલ્યો જ જાય છે અને તેની પાછળ ચાલે છે તેનો યુવાન પુત્ર. અંધારી રાત્રે ચોરી કરવા માટે નીકળેલા બંને એક શ્રીમંતની હવેલી પાસે પહોંચ્યા. વૃદ્ધ પુરુષ દીવાલ કૂદીને અંદર પ્રવેશ્યા. તેની સાથે તેનો યુવાન પુત્ર પણ અંદર દાખલ થયો. બંનેએ સાથે મળીને એક દીવાલમાં બાકોરું પાડ્યું. બંને ઘરની અંદર દાખલ થયા. ઘરના એક ઓરડામાં એક મોટો પટારો હતો. પિતાએ પુત્રને કહ્યું : 'આ પટારાની અંદર જા અને અંદર સોનું, ચાંદી જેવી જે કોઈ કિંમતી વસ્તુ હોય તેનું એક પોટલું બાંધી લે.'

પિતાની સૂચના પ્રમાણે પુત્ર પટારાની અંદર પ્રવેશ્યો. પુત્ર કિંમતી પદાર્થો એકઠા કરવામાં તન્મય હતો અને બહાર ઊભેલાં પિતાએ પટારો બંધ કરી દીધો. પટારો બંધ કરીને પિતા તો દોડીને ઘરની બહાર નીકળી ગયા. શેરીમાં પહોંચીને જોર જોરથી ‘ચોર ચોર’ એ પ્રમાણે બૂમો પાડવા લાગ્યા. ઘરના માણસો અને નોકરો આ બૂમો સાંભળીને જાગી ગયા. બધા જાગી ગયા એટલે ડોસો દોડતો દોડતો નાસી ગયો. તેને નાસી જતો જોઈને સૌને લાગ્યું કે ચોર તો નાસી ગયો છે. ચોર તો નાસી ગયો છે, તેમ માનીને બધાં શાંત થઈ ગયા. યુવાન ચોર તો પટારામાં પુરાઈ ગયેલો છે. પટારો તેના વૃદ્ધ પિતાએ બહારથી બંધ કરી દીધો છે. યુવાન તો મૂંઝાયો હવે શું કરવું ? પટારામાંથી બહાર નીકળવું કેવી રીતે ? પહેલાં તો યુવાને પોતાના પિતાને મનોમન ગાળો દીધી કારણ કે પિતાએ જ પોતાના પુત્રને પટારામાં પૂર્યો હતો અને ‘ચોર ચોર’ની બૂમો પાડીને બધાને જગાડીને પોતે તો નાસી ગયો હતો. પણ એમ ગાળો દેવાથી પટારો કંઈ ખૂલી ન જાય ! પરિસ્થિતિ માણસને શીખવે છે. વિકટ સંજોગો હોય ત્યારે તેમાંથી મુક્ત થવાનો માર્ગ પણ માણસને અંદરથી સૂઝે છે. તેમ જ થયું. તે યુવાન ચોરને ઉપાય સૂઝ્યો.

યુવાને પટારાની અંદરથી ધીમે ધીમે ‘મ્યાઉં મ્યાઉં’ એમ બિલાડીના અવાજ જેવો અવાજ કરવા માંડ્યો. બિલાડીનો અવાજ સાંભળીને ઘરનો નોકર હાથમાં દીવો લઈને બિલાડીને શોધવા માટે ઘરમાં આંટા મારવા લાગ્યો. યુવાન ચોરે બિલાડીનો ‘મ્યાઉં મ્યાઉં’ અવાજ ચાલુ રાખ્યો. આખરે નોકરને સમજાવ્યું કે બિલાડીનો અવાજ તો પટારામાંથી આવે છે. તેને



સમજાયું કે બિલાડી તો પટારામાં છે. બિલાડીને પટારામાંથી બહાર કાઢવા માટે તેણે એક હાથથી દીવો પકડી રાખ્યો અને બીજા હાથથી પટારો ખોલ્યો. અંદર બેઠેલા ચોરને પકડાઈ જવાની બીક તો લાગી પરંતુ તેનો ઉપાય પણ સૂઝ્યો. તે ઊભો થયો. તેણે બહુ ત્વરાથી ફૂંક મારીને નોકરના હાથમાં રહેલો દીવો ઓલવી નાંખ્યો. એટલી જ ત્વરાથી તેણે ધક્કો મારીને નોકરને પાડી દીધો અને પોતે કિંમતી વસ્તુઓનું પોટલું લઈને નાસવા માંડ્યો. ફરીથી ‘ચોર ચોર’ની બૂમો પડી. ઘરના નોકરો અને ઘરમાલિકના પરિવારજનો ચોરની પાછળ દોડ્યા. પોટકાના વજન સહિત દોડીને નાસી જવું મુશ્કેલ હતું. પોટકું છોડીને નાસી જાય તો ફેરો વ્યર્થ જાય. શું કરવું ? ચોરને ઉપાય સૂઝ્યો. રસ્તાની એક બાજુ પર કૂવો હતો. ચોરે બાજુમાં પડેલો એક મોટો પથ્થર ઉપાડીને કૂવામાં ફેંક્યો. ચોરનો પીછો કરી રહેલાં સૌને લાગ્યું કે ચોર કૂવામાં કૂદી પડ્યો છે. બધા કૂવાની આજુબાજુ ઊભા રહ્યા અને ચોરને કૂવામાંથી બહાર કાઢીને કેવી રીતે પકડવો, તેનો વિચાર કરવા લાગ્યા. દરમિયાનમાં તે યુવાન શિખાઉ ચોર કિંમતી દાગીનાઓનું પોટલું લઈને નાસી ગયો અને સલામત રીતે પોતાને ઘેર પહોંચી ગયો. ઘેર આવીને તુરત તેણે પિતાની સાથે ઝગડો કરવા માંડ્યો. તે બોલ્યો : ‘અરે ! તમે તો મારા પિતા છો કે દુશ્મન ? મને મોતના મોંમા મૂકીને નાસી આવતાં તમને શરમ ન આવી ?’ પિતાએ શાંતિથી કહ્યું : ‘શાબાશ ! તું આવી ગયો ને બેટા ! હવે અહીં મારી પાસે શાંતિથી સૂઈ જા. સવારે વાત કરશું. જેણે ચોર બનવું છે તેણે આવી નાની બાબતોમાં ગભરાઈ જવું ન પાલવે. ગમે તેવા

વિકટ સંજોગોમાં પણ જાણે કાંઈ જ બન્યું નથી, તેમ માનીને શાંતિથી સૂઈ જતાં તેને આવડવું જોઈએ.' પુત્ર ચૂપચાપ પિતાની બાજુમાં સૂઈ ગયો.

પુત્રે સવારે પોતે કેવી રીતે કિંમતી દાગીનાનાં પોટકાં સહિત સલામત રીતે છટકીને અહીં આવી પહોંચ્યો તેની વિગતવાર વાત પિતાને કહી. પિતાએ કહ્યું : 'શાબાશ, બેટા ! તું ચોરી કરવાની વિદ્યામાં પારંગત થઈ ગયો છે. મારે હવે તને કાંઈ શીખવવાનું બાકી રહેતું નથી. હવે તું તારી રીતે ચોરી કરી શકે છે. કર ફતેહ !' પુત્ર પિતાની યોજના સમજી ગયો. પિતાએ આગળ કહ્યું : 'બેટા ! ચોરીની વિદ્યા શીખવાની કોઈ શાળા હોતી નથી કે તે વિદ્યા શીખવા માટે કોઈ પુસ્તકો હોતાં નથી. સંજોગો જ માનવીને ઘડે છે, એ તો આપોઆપ આવડવા માંડે છે બેટા ! આ તો કોઠાવિદ્યા છે. તને વિકટ સંજોગોમાંથી માર્ગ કેમ કાઢવો તે શીખવવા માટે જ હું તને તેવા સંજોગોમાં મૂકીને નાસી આવ્યો હતો. સમજ્યો ?' પુત્ર બધું જ સમજી ગયો.

ગુરુ મહારાજે પોતાના પ્રિય શિષ્યને આ કથા કહી અને પછી તેને સમજાવ્યું, 'બેટા ! ધ્યાન શીખવા શીખવવાની વસ્તુ નથી. ધ્યાન તો અંદરથી ઉગે છે. જેમ ઈતિહાસ, ગણિત, ઈજનેરી વિદ્યા શીખી–શીખવી શકાય છે તેમ ધ્યાન શીખી–શીખવી શકાતું નથી. સૂત્રો આપવાથી, સૂચનો કરવાથી, વ્યાખ્યાનો કરવાથી, પુસ્તકો ભણાવવાથી ધ્યાન થઈ જાય તેમ નથી. ધ્યાન તો ચિત્તની વૃત્તિમુક્ત અવસ્થાનું નામ છે. ધ્યાન તો આંતરિક સૂઝથી સમજાય છે. એ તો કોઠા વિદ્યા છે. ધ્યાન ભાષાગમ્ય નથી, અનુભવગમ્ય છે. ધ્યાન તને કોઈ શીખવી



શકે નહીં. તું અહીં આશ્રમમાં રહે. અધ્યાત્મ તરફ અભિમુખતા રાખજે. ધ્યાનમાં તારો પ્રવેશ આપોઆપ થવા માંડશે. જેમ વરસાદ આવતાં ધરતીમાંથી લીલું લીલું ઘાસ ઊગી નીકળે છે, તેમ તારામાં ધ્યાન ઊગી નીકળશે.' ગુરુદેવના કહેવાનો મર્મ શિષ્ય સમજી ગયો. પ્રસન્ન ચિત્તે શિષ્યે ગુરુના ચરણોમાં પ્રણામ કર્યાં.

ધ્યાન કશુંક કરવાની ઘટના નથી. એ તો કશું જ ન કરવાની અવસ્થા છે. કશુંક કરવાનું શીખવી શકાય છે, પરંતુ કંઈ જ ન કરવાનું કેવી રીતે શીખવી શકાય ? શરીર અને મનને કરવાની કોઈ ક્રિયા શીખવી શકાય છે, પરંતુ શરીર અને મનથી પારની અવસ્થામાં સ્થિર થઈ જવાનું કોણ કોને શીખવી શકે ? કેવી રીતે શીખવી શકાય ? હા, ગુરુ માત્ર ઈશારો આપી શકે છે. ગુરુ અંગુલિનિર્દેશ કરી શકે. તે અંગુલિનિર્દેશને આધારે ધ્યાનની નદીમાં છલાંગ તો શિષ્યે પોતાની જાતે જ મારવી પડે છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# મારે તારો આધાર

—યોગેશ્વરજી

મારે તારો આધાર, જીવનના જંગમાં.
તારો એક જ આધાર, જીવનના જંગમાં.

બીજા આધાર કશા કામ ના આવે,
દુઃખ તેમ દર્દનો અંત ના લાવે;
આપે કંઈ ના આરામ, જીવનના જંગમાં...મારે તારો૦

તારા વિના કહેને કોનો આધાર છે ?
પ્રેમદયાસિંધુ કોણ ગુણનો આગાર છે ?
કોણ શક્ત કરવા ઉદ્ધાર, જીવનના જંગમાં...મારે તારો૦

ભુલ્યાનો ભોમિયો ને અંધતણી આંખડી,
છાયા સંતપ્તતણી, પંખીની પાંખડી,
તું તો તારણહાર, જીવનના જંગમાં...મારે તારો૦

સંત કે મહંત વળી દેવોની પાસે,
છોડી તને જે આશાથી જાશે,
તેનું સરશે ના કામ, જીવનના જંગમાં...મારે તારો૦

સૌને છોડીને તારી પાસે પધાર્યો,
આશા રાખીને તારી પાસે હું આવ્યો;
બીજે લાગે ના સાર, જીવનના જંગમાં...મારે તારો૦



પંડિત ને તપસી જે તુજને ભૂલેલા,
મમતા ને મદના જે દરિયે ડૂબેલા,
તે તો પામે ના પાર, જીવનના જંગમાં...મારે તારો૦

'પાગલ' થૈ પ્રેમની વર્ષા વરસાવ તું,
તારો કરી દે મને, કદિ ના તલસાવ તું,
કંપી જાયે છો કાળ, જીવનના જંગમાં...મારે તારો૦

મુશ્કેલીઓ એક એવું વરદાન છે જે આપીને પરમાત્મા આપણને તેના પવિત્ર ખોળામાં બેસાડવા માગે છે.

પોતાને મનુષ્ય બનાવવાનો પ્રયત્ન કર, જો તેમાં સફળતા મળશે તો દરેક ક્ષેત્રમાં સફળતા મળશે.


**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# ભગવાન પર ભરોસો

–ડૉ.આઈ.કે.વીજળીવાળા

એક પર્વતારોહક હતો. એના મનમાં એકોન્કાગુઆ પર્વતને સર કરવાની એક ધૂન ચડી ગઈ હતી. એશિયાની બહાર એ સૌથી ઊંચી પર્વતમાળા છે. એનું ૨૩૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું શિખર સર કરવાની એને રીતસરની તાલાવેલી લાગી હતી.

વરસોની મહેનત પછી પૂરા સજ્જ થઈને એક દિવસ એણે એકલાએ જ એકોન્કાગુઆની ચડાઈ શરૂ કરી. થોડા દિવસમાં જ એ ટોચની નજીક પહોંચી ગયો. છેલ્લા દિવસે જ્યારે એ શિખરની નજીક પહોંચ્યો. ત્યારે સાંજ પડવા આવી હતી. પર્વતારોહણના અમુક નિયમો મુજબ એણે સાંજે કેમ્પ લગાવવાને બદલે ચડવાનું શરૂ જ રાખ્યું.

એ ખાસ્સી ઊંચાઈ પર આવી ગયો હતો. શિખર એનાથી લગભગ સોએક મીટર જ દૂર હશે ત્યાં જ એકદમ અંધારું થઈ ગયું. એ રાતે ચંદ્ર નહોતો નીકળ્યો અને તારા પણ વાદળોમાં ઢંકાયેલા હતા. અચાનક બરફ વરસવાનું શરૂ થઈ ગયું. પવનની ગતિ પણ ઘણી વધી ગઈ. પોતાનો હાથ પણ ન દેખાય એવું ઘોર અંધારું થઈ ગયું હતું. એનું હૃદય એને કેમ્પ લગાવીને આરામ કરવાનું કહી રહ્યું હતું. પણ એકોન્કાગુઆનું શિખર સૌથી ઝડપે સર કરવાનો ખિતાબ એને પોતાની નજર સામે જ દેખાતો હતો. એણે બાકીની બધી બાબતોને નજરઅંદાજ કરીને ચડવાનું શરૂ જ રાખ્યું.



આવા વખતે પછી જે બને એ જ બન્યું. થાકેલું શરીર, વિષમ વાતાવરણ, ઝીરો વિઝિબિલિટી એ બધું ભેગું થઈ ગયું. એક કરાડ પરથી એનો પગ લપસ્યો. હાથ છૂટી ગયા અને પથ્થરની જેમ એ નીચે પડવા માંડ્યો. એને થયું કે એના સો વરસ પૂરાં થઈ ગયાં. પણ અચાનક એને કમરથી બે ભાગમાં એને વહેંચી દે તેવો ઝાટકો વાગ્યો. એ પડતા અટકી ગયો. એને યાદ આવી ગયું કે એની કમર પર બાંધેલા બચાવ માટેના દોરડાના સહારે એ લટકી રહ્યો હતો. એણે ચારે તરફ ફાંફાં મારી જોયા, પણ ઘોર અંધકારમાં ન તો એને કાંઈ નજરે પડ્યું કે ન તો એના હાથમાં કાંઈ આવ્યું.

નિઃસહાય એમ જ લટકતાં એને જિંદગીના સારા–ખરાબ અનુભવો યાદ આવવા માંડ્યા. ઘરનાં સભ્યો અને મિત્રો યાદ આવી ગયા અને છેલ્લે ભગવાન યાદ આવ્યા. ડૂબતો માણસ તરણું ઝાલે, એમ એણે પણ ભગવાનને પ્રાર્થના કરવાનું વિચાર્યું. થોડોક વિચાર કરીને પછી જોરથી એણે બૂમ પાડી કે, "હે ભગવાન ! મને મદદ કરો !"

એના સુખદ આશ્ચર્ય વચ્ચે આકાશમાંથી એક ધીર–ગંભીર અવાજ આવ્યો, "હું ભગવાન બોલું છું દીકરા ! તારે કઈ રીતની મદદ જોઈએ છે ?"

"મને બચાવી લો પ્રભુ !" એણે આશાભર્યા અવાજે કહ્યું.

"તને મારામાં પૂરો વિશ્વાસ છે કે હું તને બચાવી લઈશ ?" ફરી અવાજ આવ્યો.

"હા ભગવાન ! મને ખાતરી છે કે તમે મને બચાવી લેશો !" પેલા માણસે કહ્યું.

"તો તારી કમર પર જે છરી બાંધેલી છે એનાથી તું જેના સહારે લટકી રહ્યો છે એ દોરડું કાપી નાખ !!" આકાશમાંથી અવાજ આવ્યો.

પેલો માણસ સ્તબ્ધ થઈ ગયો. એણે દોરડાને થોડું વધારે મજબૂતીથી પકડી લીધું અને એમ જ લટકવાનું ચાલુ રાખ્યું. એણે પોતાની નોંધપોથીમાં ગડબડિયા અક્ષરે આ નોંધ કરી લીધી. અંધારામાં નહોતું દેખાતું તો પણ એણે લટકતાં લટકતાં આશરે જ આ નોંધ કરી અને અદૃશ્ય અવાજની વાત કેવી ફાલતુ છે એ પણ લખ્યું. ચારે તરફ પહેલા હતી એવી જ બિહામણી શાંતિ ફરી એકવાર ફેલાઈ ગઈ. બરફનો વરસાદ થોડો વધુ તેજ થઈ ગયો. પવનના સૂસવાટા ભયાનક રાત્રીને વધારે ભયાનક બનાવી રહ્યા હતા.

સવારે બચાવ ટુકડીએ જોયું તો એ માણસ દોરડાને બરાબર વળગીને લટકતી હાલતમાં જ થીજી ગયો હતો અને મૃત્યુ પામ્યો હતો. એ પણ જમીનથી માત્ર બે ફૂટની જ ઊંચાઈ પર !

★

ભગવાનની અદ્‌ભૂત યોજનાને અપનાવી લેવાને બદલે આપણે ફાલતું આશાઓના તાંતણે લટકાઈ રહેવાનું કેમ પસંદ કરતા હઈશું ? પછી અચાનક જ ખ્યાલ આવે કે, 'ઓહ ! થોડોક વધારે વિશ્વાસ રાખ્યો હોત તો...'



# જીવનને નવો આકાર આપો

—યોગેશ્વરજી

માણસનું જીવન આજે કેવું થઈ ગયું છે ને થતું જાય છે, તેનો શાંતિથી વિચાર કરવાનો વખત જ માણસ પાસે ક્યાં છે ? જીવન આખું યાંત્રિક બની ગયું છે, અને એમાં શાંતિથી બેસવાનો તથા વિચારવાનો વખત પણ ભાગ્યે જ મળે છે. કોઈક ભાગ્યશાળી માણસને એવો અવકાશ મળતો હોય તો ભલે. બાકી મોટાભાગના માણસોની તો એ જ સ્થિતિ છે. ગામડાઓમાં તો હજુ કાંઈક પણ ઠીક છે, પરંતુ શહેરમાં જુઓ તો દોડધામ અને અશાંતિ વિના બીજું કાંઈ જ નથી દેખાતું. મુંબઈ, કલકત્તા, લખનૌ ને દિલ્હીમાં શહેરોની પરિસ્થિતિ એવી જ છે. તેમાં રહેનારો માણસ જે રીતે ચાલે છે, હરે છે, ફરે છે, ખાય છે, સુવે છે, ને બોલે છે તેનું તટસ્થ રીતે નિરીક્ષણ કરો તો સમજાશે કે જીવનમાં અવ્યવસ્થા, ઉતાવળ અને અશાંતિ વધી પડી છે, અને પ્રજા પ્રવૃત્તિ ને પ્રવૃત્તિના જપ જપવા માંડી છે.

પ્રવૃત્તિ કાંઈ ખરાબ નથી, આવશ્યક છે. જીવનના જટિલ જંગમાં જવાંમર્દની જેમ ઝઝૂમવા ને સહીસલામત રીતે પાર ઉતારવા પ્રવૃત્તિનો આશ્રય લેવો જ જોઈએ. એ વિના જીવી નહીં શકાય અને આગળ પણ નહીં વધી શકાય. આજના ભીષણ જીવનસંગ્રામમાં પોતાના તથા પોતાની સાથે સંકળાયેલા બીજાનાં જીવનને સૂત્રમય, સરળ ને સુરક્ષિત કરવા માટે, પોતાની શક્તિ, રુચિ અને અનુકૂળતા પ્રમાણેની પ્રવૃત્તિ કરવી જ પડશે. પ્રવૃત્તિનો અનાદર કર્યે નહીં ચાલે. પરંતુ એ પ્રવૃત્તિ

જ્યારે યાંત્રિક બની જાય, વિવેકશક્તિ, સમજ કે સદ્‌બુદ્ધિને નેવે મૂકીને થાય, માનવતાથી વંચિત બનીને કરવામાં આવે, જીવનના રસ અથવા આનંદને મારી નાખે, જીવનનાં ધ્યેયને ભૂલાવી દે, તેમજ જીવનમાં અસ્થિરતા અને અશાંતિ ઉભી કરે ત્યારે એ પ્રવૃત્તિને પ્રશસ્ય ના કહેવાય. એની સામે લાલબત્તી ધરવી પડે, ને એનું પૃથક્કરણ અથવા તો એનો પુનર્વિચાર કરવાની ફરજ પાડવી પડે. એવી વિવેક વગરની જડ પ્રવૃત્તિ માણસને મદદરૂપ ના થઈ શકે, એના જીવનમાં પ્રાણ ન રેડી શકે, જીવનને અવનવું અને અર્થવાળું ન બનાવી શકે અને જીવનમાંથી રસને લૂંટી લે. માણસ એવી પ્રવૃત્તિની મદદથી ધન કમાય, વૈભવ મેળવે ? મોટર ને મકાનવાળો થાય, ને કદાચ પદવી કે પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરે, પરંતુ એ શાંતિથી સુઈ ન શકે, શાંતિથી ઊઠી, બેસી, ચાલી, જમી ને વિચારી ન શકે. એ પ્રવૃત્તિને પરિણામે બીજું બધું પ્રાપ્ત થાય પરંતુ મનની સ્વસ્થતા, સ્થિરતા કે શાંતિ ન મળે, તો એવી પ્રવૃત્તિને શું કરવાની ? એવી પ્રવૃત્તિ દોષવાળી તેમજ સંશોધનપાત્ર છે એમાં સંદેહ નહીં.

મોટા શહેરોમાં માણસોને જોયા છે ? ત્યાં માણસના જીવનમાં આવા કેટલાંય કરુણ ચિત્રો જોવા મળે છે. ગરીબ ને તવંગર, છતવાળા અને અછતવાળા, બધાની અવસ્થા આંતરિક અશાંતિની દ્રષ્ટિએ જોતાં લગભગ એકસરખી જોવા મળે છે. એટલે પ્રવૃત્તિને તિલાંજલિ આપવાની વાત હું નથી કરતો, કરી શકું પણ નહીં. જીવનના ધારણપોષણ તથા સમાજની સુખાકારી માટેની જરૂરી પ્રવૃત્તિ જીવનમાં ભલે રહી ફક્ત એ પ્રવૃત્તિએ બૂઝાવી દીધેલ સદ્‌બુદ્ધિની જ્યોતિને જાગ્રત કરવાની અને



છીનવી લીધેલી શાંતિને ફરી સંસ્થાપવાની જરૂર છે. જીવનમાં એ જ્યોતિ જાગ્રત થાય તો પ્રવૃત્તિ જડ રહેવાને બદલે ચેતનમયી સાધના બની જાય, અને એ આંતરિક શાંતિની સંસ્થાપના થાય તો જીવનનું સાર્થક્ય થાય. નૂતન વરસના ઉપલક્ષમાં સૌને સુખ, શાંતિ ને સમૃદ્ધિની પ્રાપ્તિની જે ભાવના કરવામાં આવે છે એની પાછળ આ રહસ્ય રહેલું છે. કેવળ સાંસારિક સમૃદ્ધિ જ સાચી ને સંપૂર્ણ સમૃદ્ધિ નથી, સદ્‌બુદ્ધિ પણ સમૃદ્ધિ છે અને સાચા અર્થમાં સુખી થવા તથા શાંતિ મેળવવા એની પણ આવશ્યકતા છે.

માણસના જીવનનું નિરીક્ષણ કરતાં બીજી કયી વસ્તુ નજર સામે તરી આવે છે ? માણસ વધારે ભાગે એકલપટો થતો જાય છે. પોતાનું સંભાળી લેવાની વૃત્તિ વધતી જાય છે. બીજાનું ગમે તે થાય પણ પોતે સમૃદ્ધિશાળી બનવું, અને બીજાના ભોગે પણ સમૃદ્ધિશાળી બનવું, એ યુગધર્મ છે અને એમાં કાંઈ જ ખોટું નથી એવા વિચારો અને એ વિચારોને અનુરૂપ વર્તનમાં અભિવૃદ્ધિ થતી જાય છે. બને તેટલું કમાવું અને ગમે તે રીતે કમાવું તથા જેવો શક્ય હોય તેવો આનંદ કરવો એવી માન્યતા વ્યાપક બની ગઈ છે. પોતાનું સંભાળવાની વૃત્તિ સાવ ખરાબ છે એવું નથી સમજવાનું. કેટલેક અંશે એવી વૃત્તિ ઉપકારક પણ ઠરતી હોય છે. પરંતુ એવી વૃત્તિ જ્યારે બીજા પ્રત્યે સંપૂર્ણ આંખમીંચામણાં કરે અને બીજાના ભોગે, બીજાને બરબાદ કરીને પોષણ પામે, ત્યારે અનુપકારક બને છે, અથવા અભિશાપરૂપ ઠરે છે. માણસોમાં એવી વૃત્તિ વધી રહી છે, અને બધા જેમતેમ સમૃદ્ધ થવાની કે પોતાનો ભંડાર ભરવાની હોડમાં પડ્યા છે. એ હોડનો કોઈ અંત જ નથી. હજારવાળા લાખના ને લાખવાળા કરોડના લક્ષ્યાંક તરફ આગળ વધતા જાય છે.

ચારે તરફ જ્યાં આવો જ પવન ફૂંકાતો હોય ત્યાં રાષ્ટ્રીય હિતની, સામાજિક ઉત્કર્ષની તથા તેને માટેની સમર્પણભાવ કે ત્યાગની તો ભાવના જ કોણ રાખે? તેની વાતો કદાચ કરી નાખે, પરંતુ વર્તનમાં તો મીંડુ જ રહેવાનું. આવી પ્રજા કેવી રીતે બેઠી થઈ શકે? બેઠા થવા કે સમૃદ્ધિશાળી બનવા માટે તો પોતાની સાથે બીજાનો વિચાર પણ કરવો જોઈએ, એકલપેટા વૃત્તિ છોડવી જોઈએ. પરંતુ આજે પરિસ્થિતિ કેવી દેખાય છે? રાષ્ટ્ર કે સમાજની વાત બાજુએ મૂકીએ ને ઘર કે કુટુંબની વાત કરીએ તો પણ પરિણામ ભાગ્યે જ સંતોષકારક દેખાય છે. ઘર ને કુટુંબમાં આજથી થોડા વરસો પહેલાં જે પ્રેમ હતો, મીઠાશ હતી, સંપ તથા સહકાર ને સ્વાર્પણની ભાવના હતી તે આજે ક્યાં દેખાય છે? સંતાન ને માતા–પિતા, ભાઈ ને બેન તથા બીજા સંબંધીઓમાં સ્નેહભાવ કેટલો રહ્યો છે? કુંવારો છોકરો માબાપની સંભાળ રાખે પણ પરણ્યા પછી માબાપની સામે પણ ન જુએ, ને કેટલાક સંજોગોમાં તો માબાપની સાથે સંબંધ ના રાખવાની તૈયારી બતાવે પછી જ પરણી શકે, એવા ઉદાહરણો લગભગ સર્વસામાન્ય બનવા માંડ્યાં છે. આવી પરિસ્થિતિ કેમ છે તે જુદી વાત છે, પરંતુ એ પરિસ્થિતિનો ઘર, કુટુંબ ને સમાજની સુખાકારી માટે તથા માનવતાને મરતી બચાવવા કાજે અંત લાવવો પડશે.

ત્રીજી ગંભીર ને નોંધપાત્ર હકીકત માણસ બર્હિમુખ બનતો જાય છે ને બહારના વિષયોમાં દોડતો જાય છે તે છે. સંસારના વિષયોનો ને સાંસારિક સુખનો મોહ વધતો જાય છે. માણસ વિષયલોલુપ બનતો જાય છે. શરીરના આકર્ષણ, મમત્વ, ભોગ ને શૃંગારમાં માણસ બંધાતો જાય છે, તેના પરિણામરૂપે એ



આત્માવિમુખ બનતો જાય છે. એની ભૂખ ભારે છે પરંતુ તે શાંત નથી થતી ને એને શાંતિ પણ નથી મળતી. કેવી રીતે મળે? ઉપનિષદે તો કહ્યું છે કે **यदवै भूमार तत्सुखम्** જે ભૂમા કે વિશાળ છે, મહાન છે, તે પરમાત્મામાં જ સુખશાંતિ છે, સંસારના અલ્પજીવી વિષયોમાં નથી. એટલે શાંતિને માટે પરમાત્માની પાસે પહોંચવું પડશે. સંસારમાંથી મનને ઉપરામ કરવું રહેશે. વળી ભૂમા એટલે વિશાળતાના ઉપાસક થવું પડશે. સંકુચિતતા, કટુતા, સ્વાર્થ અને એકલપેટાપણા જેવી માણસને અલ્પ અથવા તો નાનો બનાવી દેનારી વૃત્તિનો ત્યાગ કરીને, ઉદારતા, નિઃસ્વાર્થતા, સ્નેહ ને સેવાભાવની મૂર્તિ બનવું પડશે. ત્યારે જ મહાન બની શકાશે અને શાંતિ મેળવી શકાશે. પણ એવી મહાનતા તથા શાંતિની પડી છે કોને? એટલે તો ગાડી આજે બીજી દિશામાં ચાલે છે. એ દિશામાં સંતૃપ્તિનાં નહીં પરંતુ વેદનાના વમનનાં, ને શાંતિના નહીં પરંતુ અશાંતિના સ્ટેશનો આવ્યા કરે છે. જીવન જીવાય છે ખરું, પણ જીવન શાને માટે છે ને જીવનમાં શું કરવાનું ને કરવા જેવું છે તેનું વિસ્મરણ થઈ ગયું છે. જીવન ધ્યેયનો ખ્યાલ જ નથી રહ્યો એમ કહીએ તો ચાલે.

આ બધી હકીકત ઉત્સાહજનક અથવા અભિનંદનીય થોડી જ છે? માટે જ કહું છું કે જીવનની સુખશાંતિ ને સફળતામાં રસ હોય તો બધા આવો. નવા સંકલ્પો કરો, નવો કાર્યક્રમ બનાવો ને જીવનને નવો આકાર આપવા તૈયાર થાવ. મક્કમ નિર્ધાર, ખંત અને એકધારો પુરુષાર્થ હશે તો કોઈયે વસ્તુ અશક્ય નહીં રહે.

# રામ તમે ઘનશ્યામ

—મા સર્વેશ્વરી

રામ તમે ઘનશ્યામ તમે છો, શાંતિ પ્રદાયક બુદ્ધ છો,
યોગેશ્વર જ્ઞાનેશ્વર રૂપે, દીનબંધુ દીનાનાથ છો...રામ તમે૦

પ્રણામ પ્રભુજી પ્રભાતે કરું, તમને પૂરણ પ્રીતથી
લઈ લક્ષમાં આજ પ્રાર્થના, આશિષ દો નિજ રીતથી...રામ તમે૦

બુદ્ધિ શુદ્ધ કરોને મારી, વૃત્તિ શ્રી ચરણે ધરો,
શંકા સર્વ ફગાવી દોને, શ્રદ્ધા ભક્તિને ભરો...રામ તમે૦

જીવનકેરા પુણ્ય પ્રવાસે, મીઠી પરબ બનો તમે,
પ્રભુ પ્રેમનાં પાણી પાજો, તરસ્યા અંતરના અમે...રામ તમે૦

તપ્ત બનેલી જીવનવાટે, વડલો શાંતિ તણો બનો,
છાયામાં ક્ષણભર રાખીને, થાક હરો જીવનતણો...રામ તમે૦

પથભ્રાંત જીવનને માટે, પ્રકાશને પ્રગટાવજે,
ખાડામાં પગ પડે કદી તો, આવી સદ્ય ઉગારજો...રામ તમે૦

વિપત્તિની વર્ષા વરસે તો, સહવાનું બળ આપજે,
કરો કસોટી ભલે અમારી, આવી પાર ઉતારજો...રામ તમે૦

સુખદુ:ખમાં સંગાથે રહેજો, નામસ્મરણ સાથી બનો,
સ્વપ્ને પણ ના ક્યાંય ભૂલીએ, એવી આશિષ આપજો...રામ તમે૦



# ભગવાનપણું

—સાધુ અક્ષરજીવનદાસ

સંવત ૧૮૬૩ની સાલ છે. શ્રીજીમહારાજ ગાદીએ વિરાજ્યા તેને ચાર વર્ષ વીત્યાં છે. પ્રભુનાં દર્શને ઠેરઠેરથી લોકો ઊમટતા. શ્રીહરિ સૌને અપનાવતા. નિશ્ચય કરાવતા. સમાધિ દ્વારા પોતાનું સ્વરૂપ ઓળખાવતા. વાયરે વાત વહેતી, એમ કે—અનંત સુખ, અપાર શાંતિનો અનુભવ સ્વામિનારાયણ કરાવે છે.

મહારાજ પાસે નાત—જાત કે ગરીબ—તવંગરનો ભેદ ભૂંસાઈ ગયો હતો. પંડિત કે અભણ, સિપાઈ કે અમલદાર, સૂબા કે દીવાન—જે કોઈ શ્રીહરિ સમીપે આવતા, વદન નીરખતા, આંખો મળતી કે તરત અનહદ શાંતિનો અનુભવ થતો.

આવી શાંતિ પામનાર એક આત્માની આ ગાથા છે. નામ એનું શેખ મામદ પઠાણ. પડછંદ શરીર, ખભે બંદૂક, સૂરમો આંજેલી આંખો, પઠાણી પાઘડી ને કૂર્ચા દાઢી.

આ પઠાણ ફત્તેહસિંહ ગાયકવાડ સરકારનો સૂબો હતો. એના હાથ નીચે પાંચસો સિપાહી જીહજૂર કરતા, પડ્યો બોલ ઝીલતા. ગાયકવાડ, ખંડણી ઉઘરાવવી, અન્ય રાજખટપટોમાં ફસાયેલાં નાનાંનાનાં રજવાડાંઓને પૈસા લઈ મદદ કરવી, ઊગતા શત્રુને ડામવા વગેરે માટે આવા સૂબાઓ રાખતા.

શેખ મામદને અનાયાસે શ્રીહરિનાં દર્શન થઈ ગયાં. વડતાલ ગોમતીતીરે આંબાવાડિયામાં સભા કરીને વિરાજેલા

પ્રભુને જોઈ શેખનું અંતર ઠરી ગયું. પ્રભુએ પયગંબરરૂપે તેમને દર્શન દીધાં. શેખ તો અહોભાવમાં ગરકાવ થઈ ગયા. અનંત સત્તા પાસે પોતાની સત્તાનું ગુમાન ગળી ગયું. હૈયું હેરાઈ ગયું. અંતર જકડાઈ ગયું. પોતે ભૂલી ગયા કે હું મુસલમાન છું. એમણે શ્રીહરિનાં ચરણોમાં શિશ સમર્પી દીધું ને શિષ્ય તરીકે સ્વીકારવા આરજૂ ગુજારી.

હરિવરે શેખને પંચવર્તમાન આપ્યાં, સ્વામિનારાયણીય વ્રતદીક્ષા દીધી.

શેખ વડોદરે ગયા પણ હૈયું હરિવરનાં ચરણોમાં મૂકતા ગયા. એમણે નક્કી કરી લીધું હતું કે હવે પછીનું જીવન સ્વામિનારાયણનાં ચરણોમાં ગાળવું...

શેખ ફત્તેહસિંહને મળ્યા ને સૂબાનું પદ સુપરત કર્યું. ફત્તેહસિંહ તો આભા જ બની ગયા. તેમને થયું કે આ પઠાણ ઉતાવળે પગલું ભરી રહ્યા છે. ઘણું સમજાવ્યા પણ ન માન્યા. વેતન વધારી આપવા કહ્યું પણ શેખ પોતાના નિર્ણયમાં અફર રહ્યા.

શેખ ઘોડે ચઢીને નીકળી પડ્યા. વહેલું આવે વડતાલ. મહારાજ વિચરણ કરવા નીકળી ગયા હતા. તે શોધી કાઢ્યા ને કહ્યું : 'હવે આજીવન મને આપની હજૂરમાં રાખો.'

મહારાજ એમનો ત્યાગ જોઈ ખૂબ રાજી થયા ને સાથે લીધા.

હવેથી તેમને સૌ 'શેખજી'ના હુલામણા નામે સંબોધન કરીને બોલાવતા.

★



શેખજીને સત્સંગ ગોઠી ગયો. નિત નવી રસોઈયું થાય, શ્રીજીમહારાજ સાથે વિચરણ થાય. ખાટલેથી પાટલે ને પાટલેથી ખાટલે એમની બરદાસ થતી. હરિભક્તો હોંશે હોંશે એમની સેવા કરતા. શેખજી પણ બધાની સેવા પ્રેમથી સ્વીકારતા. પ્રથમ તો શ્રીહરિના અંગરક્ષક તરીકે જોડાયા હતા પણ ધીરે ધીરે એક વડીલ તરીકે જાણે સાથે ફરતા હતા ! ઠેર ઠેર શ્રીજીમહારાજનાં સ્વાગત–સન્માન થાય, પૂજા–અર્ચન થાય, ભેટ–સોગાદોના ઢગલા થાય, લોકોનો ભક્તિ–જુવાળ શેખજીએ અનુભવ્યો. એમને પણ મનમાં આવી પૂજાવાની લાગણી થઈ આવી.

પ્રથમ તો એમણે સેવક વર્તુળમાં ધીરે ધીરે વાત વહેતી મૂકી : 'કાઠિયાવાડમાં તો મહારાજને બધા ઓળખતા થયા છે, હવે દૂર દેશમાં પ્રચાર કરવો જોઈએ. સિંધમાં સત્સંગ થાય એવું કોઈક આયોજન કરવું જોઈએ...મને સિંધની ભાષા આવડે છે...'

આમ, શેખજીએ અંતરના કોડ બહાર કાઢવા માંડ્યા.

ગઢડા દાદાખાચરના દરબારમાં ઊગમણા બારના ઓરડાની ઓશરીએ મહારાજ બિરાજ્યા છે. સન્મુખ સભા ભરાઈને બેઠી છે. મોટા મોટા પાઘડાવાળા કદાવર કાઠી–દરબારો નમણા મોંએ હરિવરની કથા–રસની હેલિમાં તરબોળ છે.

અચાનક હરિવરે સુરાખાચરને કહ્યું : 'બાપુ ! હવે અમે થાક્યા છીએ, થોડી નિવૃત્તિની ઇચ્છા છે, કોઈ તમારા જેવા તૈયાર થાય તો ભગવાનપણું આપવું છે...'

'મહારાજ ! આપનું ભગવાનપણું જીરવવાનું અમારું ગજું નહીં.'

ત્યાં વળી વચ્ચે બ્રહ્માનંદ સ્વામી બોલી ઊઠ્યા : 'સત્સંગ દેશ–વિદેશમાં ફેલાવવો હોય ને મહારાજની મરજી હોય તો હું જીરવી લઉં...'

મહારાજ કહે : 'અમારે તમારી પાસે કીર્તનોના ગ્રંથો કરાવવા છે, મંદિરો બંધાવવાં છે. એટલે કોઈ બીજાને તૈયાર કરો...'

અત્યાર સુધી મૌન ધરીને સાંભળી રહેલા શેખજીએ મૌન તોડ્યું ને કહ્યું : 'આપણા ભગુજી–રતનજી ને મીંયાજીની ઈચ્છા છે કે સિંધમાં સત્સંગ થાય, જોકે પ્રભુ ! સિંધની ભાષા અઘરી પડે પણ મેં કહ્યું–મને આવડે છે. આપની ઈચ્છા હોય તો આ સેવક તૈયાર છે.' એમ કહી શેખજીએ માથું નમાવ્યું.

આવો મોકો જોઈ સુરાખાચરે કહ્યું : 'પ્રભુ ! શેખજી જેવું પાત્ર કોઈ નહીં મળે. આવો ઘાટીલો દેહ, વળી નમણા ને વિવેકી...' એમ કહી એ તો ગુણ ગાવા લાગ્યા.

શેખજીને થયું કે હવે મારું કંઈક ઊપજશે. બ્રહ્માનંદ સ્વામીએ પણ સૂર પુરાવ્યો એમ કે 'ભગવાનપણું આપવું હોય તો શેખજીને જ આપો.'

સાંભળી શેખજીની છાતી ગર્વથી ઊંચી થઈ. આંખોનાં પોપચાંની ઊઘાડ–બંધ સાથે એમની સંમતિ મળી ગઈ. ને સુરાખાચરે ઊંચેથી જયનાદ કર્યો.

મહારાજે સૌને શાંત કર્યા ને કહ્યું : 'શેખજી ! તમારી ઈચ્છા છે તો અમે તમને અમારું ભગવાનપણું આપીએ છીએ. પણ જો જો હોં જાણપણું ખૂબ રાખવું પડશે, અમે જે નિયમો આપીએ



તેને દૃઢપણે તમારે વળગી રહેવું પડશે.'

શેખજીએ નતમસ્તકે કહ્યું : 'જેમ કહેશો તેમ કરીશ પ્રભુ !'

મહારાજ કહે : 'પ્રથમ તો કોઈ સ્ત્રીને વાતો કરશો નહીં. બીજું જરિયાન વસ્ત્રો ધારણ કરશો નહીં. ત્રીજું ગળ્યું–ચીકણું ખાશો નહીં. ચોથો નિયમ છે સિંધ સિવાય બીજે ક્યાંય રોકાશો નહીં ને પાંચમો નિયમ છે કોઈના અંતરમાં પ્રવેશ કરશો નહીં ને કરો તો તેની ગુપ્ત વાત કોઈની પાસે પ્રકાશ કરશો નહીં.'

શેખજીએ પાંચે નિયમ સાંભળ્યા ને અંતરમાં ધારી લીધા.

મહારાજ કહે : 'આવો, તમને ભગવાનપણું આપીએ.'

શેખજીએ વિચાર્યું કે ભગવાનપણું કેવું હશે ! સાટા–જલેબી જેવી ચીજ હશે ! વિચારીને શેખજી કમરે બાંધેલ કપડું હાથમાં ઝાલી ઊભા રહ્યા, એમ કે જે હશે તે આમાં ઝીલાઈ જશે.

'મહારાજ ! નાંખો આમાં.'

મહારાજ મુખ સામે રૂમાલ દઈ હસવા લાગ્યા. કાઠી–દરબારોને પણ રમૂજ થઈ. માંડ હસવું ખાળીને મહારાજ કહે : 'શેખજી ! ભગવાનપણું કોઈ ચીજ નથી, એ તો અમે સંકલ્પ કર્યો છે એટલે તમારામાં આવી ગયું લો, આશીર્વાદ.'

'પણ મહારાજ ! મારે તમારી જેમ સમાધિ કરાવવી હોય તો કેમ કરું ?'

મહારાજ કહે : 'તમે તમારી દાઢીનું ધ્યાન કરાવશો એટલે જીવોને સમાધિ થઈ જશે ને કોઈ જીવને જમપુરી દેખાડવી હોય તો તેનો સંકલ્પ કરજો ને કોઈ જીવને ભગવાનનાં ધામનાં દર્શન કરાવવાં હોય તો એવો સંકલ્પ કરજો. ચૌદ લોક ને અવતારોનાં

સ્થાનક પણ અહીં બેઠાં થતા દેખાડી શકશો.'

આ સાંભળી શેખજીને તો ભૂખ ભાંગી ગઈ. એ તો રાજી રાજી થઈ ગયા. મહારાજની રજા લઈ ઘોડે ચઢીને એ નીકળી પડ્યા.[1]

શેખજી મહારાજ સાથે ગામડે ફરતા એટલે હરિભક્તો તેનાથી પરિચિત હતા. શેખજી ગઢડાથી નીકળ્યા તે અમદાવાદ સુધી પહોંચી ગયા.

બાજુના એક ગામડામાં રાત રોકાયા. લોકોને ભેગાં કર્યાં ને કહ્યું : 'મારી દાઢીનું ધ્યાન ધરો, જુઓ તમને ભગવાનનું ધામ દેખાશે.'

લોકોને કૌતુક થયું. આ પઠાણની દાઢી જોવા લોકો ઊમટવા લાગ્યા. સૌને દિવ્ય દર્શનની અનુભૂતિ થવા લાગી. આમ, કેટલાકને ધામ દેખાડ્યાં.

આ જોઈને સત્સંગીઓ તો હરખમાં આવી ગયા, કારણ કે તેમને મહારાજે પણ પોતાનું ધામ આમ સહજમાં દેખાડ્યું નહોતું. વળી, મહારાજે જ મોકલ્યા હોઈ હરિભક્તો હંમેશાં પાકો થાળ કરીને શેખજીને જમાડવા લાગ્યા અને મહારાજની પેઠે જ શેખજીની પધરામણી ઠેર ઠેર થવા લાગી. સ્ત્રીઓનો સમુદાય શેખજી ફરતે વીંટળાઈ રહેતો. શેખજી સ્ત્રીઓને વાતો કરવા લાગ્યા. સ્ત્રીઓ પાસે પગચંપી કરાવવા લાગ્યા. સ્ત્રીઓ રોજ નવી નવી રસોઈ–પકવાન–મિષ્ટાન્ન બનાવે તે જમવા લાગ્યા અને લોકોના અંતરમાં પ્રવેશ કરીને એના જે કંઈક

૧. એવું કહેવાય છે કે એ વખતે મહારાજની હયાતીમાં જ સાડાબાર ભગવાન થયેલા.



મલિન ઘાટ–સંકલ્પ હોય તે બીજાની પાસે કહેવા લાગ્યા. આથી, લોકો શેખજીને રાજી રાખવા તે કહે તેમ કરતા. શેખજીનો પડ્યો બોલ ઝીલતા ને જીહજૂર કરતા.

આમ, ગુજરાતમાં શેખજીને ખૂબ પ્રસિદ્ધિ મળી. ઠેર ઠેર એમનો સત્કાર થવા લાગ્યો. સિંધમાં આવો સમુદાય મળે કે ન પણ મળે ! એ ગણતરીથી શેખજીએ ગુજરાતને જ કાર્યક્ષેત્ર બનાવ્યું. મનમાં નિશ્ચય કરી લીધો કે હવે સિંધ દેશમાં સત્સંગ કરાવવા કોણ જાય ! આપણે તો અહીં હરિભક્તોને સુખિયા કરીશું.

હવે તો શેખજીને ઐશ્વર્યનો ગર્વ આવી ગયો હતો. શ્રીજીમહારાજ થકી પોતાને ઐશ્વર્ય મળ્યું છે એ વાત જ વિસરાઈ ગઈ. આમ, ઠેર ઠેર શેખજીનો જય જયકાર થવા લાગ્યો. શેખજી ગુજરાતમાં જ રોકાઈ ગયા છે એ વાત, મહારાજ પાસે પહોંચી ગઈ હતી.

'શેખજીને તો આપણે સિંધમાં સત્સંગ કરાવવા મોકલ્યા હતા ને શું થયું !'

બ્રહ્માનંદ સ્વામી કહે : 'મહારાજ ! એમને ભગવાનપણાનો અમલ ચઢી ગયો છે. એ આપે ઉતારવો પડશે, નહીંતર શેખજી સાવ જશે.'

મહારાજ કહે : 'શેખજીની ભાળ કરતા રહેજો. નજીક આવે ત્યારે મળી લઈશું.'

એક દિવસની વાત છે. શેખજી ફરતાં ફરતાં ગઢડામાં આવ્યા છે. મહારાજનાં દર્શને જવાને બદલે શેખજી સીધા આહીરવાસમાં ગયા ને ત્યાં ચોરે ઊતર્યાં. એમને નિહાળવા

ગઢડું ગામ ઊમટ્યું. શેખજી કહેવા લાગ્યા : 'જેને ધામ જોવું હોય તે મારી દાઢીનું ધ્યાન કરો.' વળી, બડાઈ તો એવી હાંકવા લાગ્યા કે સ્વામિનારાયણની જેમ હું પણ ચમત્કાર કરું છું, પરચા બતાવું છું, ધામ દેખાડું છું.

ભેગા થયેલ લોકોમાંથી એક જણ ઝટપટ દાદાના દરબારમાં પહોંચ્યો ને શેખજીની વાત કરી. તરત મહારાજે બ્રહ્માનંદ સ્વામી વગેરે પાંચ સાધુઓને તથા દાદાખાચર, હરજી ઠક્કરને તેડાવીને શેખજીને સમજાવવા મોકલ્યા.

શેખજી પાસે આ સંતો–ભક્તો ગયા ત્યારે કૌતુક દીઠું. સ્ત્રીઓ બધી શેખજીને વીંટળાઈને બેઠી હતી. શેખજી ગાદી–તકિયે પાન ચાવતાં લહેરમાં બેઠા હતા.

દાદાખાચર આગળ આવ્યા ને કહ્યું : 'શેખજી, બ્રહ્માનંદ સ્વામી પધાર્યા છે, આ બાઈઓને દૂર કરો તો એ નજીક આવે.'

શેખજીએ સૌને દૂર કર્યાં. બ્રહ્માનંદ સ્વામી નજીક ગયા ને કહ્યું : 'શેખજી ! તમે તો ગુજરાત છોડીને દૂર ગયા જ લાગતા નથી, અહીં ને અહીં જ છો ? વળી, મહારાજે અમુક નિયમો પાળવાનું કહેલું તે બધું વીસરી ગયા છો કે શું ?'

શેખજીને આ સાંભળી થોડું માઠું લાગ્યું પણ બ્રહ્માનંદ સ્વામી પાસે તે કશું બોલી શકતા નહીં, છેવટે તેમણે હિંમત કરીને કહ્યું : 'સ્વામી ! મને તો સત્સંગ કરાવવાનું કહ્યું હતું–તે સિંધમાં જાઉં કે અહીં કરાવું એમાં શો ફરક પડવાનો હતો ? વળી, સમાધિ તો લોકો મારી દાઢી જુએ ત્યાં થઈ જાય છે. મહારાજની જેમ હું પણ લોકોને ધામ દેખાડી શકું છું. વળી, મહારાજ કરાવી શકે છે તો શું મને નથી આવડતું ? શું મહારાજ જ ચમત્કાર બતાવી



શકે છે ? એ તો મને પણ આવડે છે.'

શેખજી મહારાજની ગૌણતા સાથે ગર્વનાં વેણ ઉચ્ચારવા લાગ્યા.

દાદાખાચરનું લોહી ઊકળી ગયું, એમને શેખજીની દાઢી ઝાલી એક તમાચો મારવાનું મન થઈ ગયું પણ બ્રહ્માનંદ સ્વામીએ ધીરજથી કામ લીધું.

બ્રહ્માનંદ સ્વામી કહે : 'શેખજી ! તમે ખરું કહો છો, જ્યારથી શ્રીજીમહારાજે તમને ભગવાનપણું આપ્યું, ત્યારથી અમારી કઠણાઈ બેઠી છે. દાદાના દરબારમાં કોઈ ચકલું ફરકતું નથી. તમે એક વાર દરબારમાં આવો ને દાઢીનાં દર્શન દો.'

શેખજીને વધુ ગર્વ થયો. તેઓ બધા સાથે દરબારમાં આવ્યા. શેખજીને ઉતારો કરાવ્યો. બ્રહ્માનંદ સ્વામીએ તો મહારાજ પાસે જઈને કહ્યું : 'મહારાજ ! શેખજીનું માથું ફર્યું છે.' એમ કહી વિગતે બધી વાત કરી.

(ક્રમશઃ)

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.